For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 28 | Saturday 16 March 2024 | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... newsonlinelive.tv



Gadgets ગુરૂ
Samsung Galaxy Aના બે સ્માર્ટફોન ભારતમાં લોન્ચ 4

તક્ષશિલા આગકાંડ બાદ પણ તંત્રની આંખે પાટા! 7



ગુજરાતી ફિલ્મ, અભિનેતા-અભિનેત્રીઓનું સન્માન વધારતો : GIFA 2023 10




## UNમાં ભારતના સ્થાયી પ્રતિનિધિએ ખરી ખોટી સંભળાવી...

# વિશ્વના સૌથી શક્તિશાળી સંગઠનમાંપ્રવેશનીમડાગાંઠ

## UNSCમાં સુધારા માટે હજુ કેટલી રાહ જોવી પડશે

1 બીજા વિશ્વયુદ્ધ બાદ UNSCની સ્થાપના કરાઈ

2 1990માં UNSCમાં સુધારા પર ચર્ચા શરૂ કરાઈ

3 હજુ સુધી ભારતને નથી મળ્યું સ્થાયી સભ્યપદ

વોશિંગ્ટન | ભારતે ફરી એકવાર UNSCમાં ફેરફારની માગ ઉઠાવી છે. યુએનમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રૂચિરા કંબોજે કહ્યું- સુરક્ષા પરિષદમાં સુધારા પર ચર્ચા 1990ના દાયકામાં શરૂ થઈ હતી. દુનિયા અને આપણી આવનારી પેઢીઓએ કેટલી રાહ જોવી પડશે? અમે વધુ રાહ જોઈ શકતા નથી. રુચિરાએ વધુમાં કહ્યું- વર્ષ 2000માં પહેલીવાર, મિલેનિયલ સમિટમાં વિશ્વના નેતાઓએ UNSCમાં સુધારો કરવાનો સંકલ્પ કર્યો હતો. આ ઘટનાને લગભગ 25 વર્ષ વીતી ગયા છે. અત્યારે પણ જો ફેરફારો નહીં કરવામાં આવે તો યુએનએસસી એક સંસ્થા બની જશે જે વિસ્મૃતિ તરફ આગળ વધી રહી છે...

## અમેરિકા, ફ્રાંસ, રશિયા , બ્રિટન અને ચીન સ્થાયી સભ્યો છે, જેમાં ચીન વારંવાર વીટોનો ભારત સામે કરે છે ઉપયોગ

1 રૂચિરા કંબોજે સૂચવ્યું કે આવતા વર્ષે યુએનની 80મી વર્ષગાંઠ છે અને સપ્ટેમ્બરમાં એક મહત્ત્વપૂર્ણ સમિટ યોજાવા જઈ રહી છે. આવા સમયે આ જરૂરી સુધારાઓ લાવવા જોઈએ. ભારતીય પ્રતિનિધિએ કહ્યું- આફ્રિકા સહિત યુવાનો અને ભાવિ પેઢીઓના અવાજો પર ધ્યાન આપીને આપણે સુધારવાની જરૂર છે. રૂચિરાએ વધુમાં કહ્યું- UNSCમાં પરિવર્તનના નામે માત્ર અસ્થાયી સભ્યો વધારવાથી સંગઠનમાં અસમાનતા વધી શકે છે. કાઉન્સિલની કાયદેસરતા સુધારવા માટે, તેની રચનામાં તમામ સભ્યોની સમાન ભાગીદારી જરૂરી છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે વીટો પાવર યુએનએસસીના સુધારામાં અવરોધ તરીકે કામ ન કરે. ભારતના આ સૂચનોને યુએનએસસીના કાયમી સભ્ય બ્રિટને સમર્થન આપ્યું હતું. આ ઉપરાંત, બ્રાઝિલ, જાપાન અને જર્મની જેવા G4 ભાગીદાર દેશોએ પણ 193 સભ્ય દેશોના મંતવ્યોના મહત્ત્વ પર ભાર મૂકતા, બિન-સ્થાયી શ્રેણીમાં વધુ પ્રતિનિધિત્વ માટે ભારતના નિવેદનને સમર્થન આપ્યું હતું.

2 આ પહેલા ફેબ્રુઆરીમાં પણ ભારતે યુએનએસસીમાં સ્થાયી બેઠક મેળવવા પર સવાલ ઉઠાવ્યા હતા. ભારતના સ્થાયી પ્રતિનિધિ રૂચિરા કંબોજે કહ્યું હતું - ભારત વિના વિશ્વમાં દરેકને સાથે લઈ જવું મુશ્કેલ હશે. સુરક્ષા પરિષદમાં સુધારાની જરૂર છે. યુએનના 193 સભ્ય દેશોના સામૂહિક અવાજ પર 5 સ્થાયી સભ્યોની ઈચ્છા ક્યાં સુધી વર્ચસ્વ જાળવી રાખશે? જ્યારે સપ્ટેમ્બર 2023માં, વિદેશ પ્રધાન એસ જયશંકરે કહ્યું હતું - જો UNSC સિસ્ટમમાં કોઈ ફેરફાર નહીં થાય, તો લોકો બહાર ઉકેલ શોધવાનું શરૂ કરશે. UNSC જૂની ક્લબ જેવી બની ગઈ છે. UNSCમાં સમાવિષ્ટ કેટલાક સભ્ય દેશો તેમની પકડ નબળી પડવા દેવા માંગતા નથી. ક્લબના સભ્યો ઈચ્છતા નથી કે કોઈ તેમની ક્રિયાઓ પર સવાલ ઉઠાવે. કોઈપણ સુધારા વિના સંયુક્ત રાષ્ટ્રનો પ્રભાવ ઘટી રહ્યો છે.

3 સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ અથવા UNSC એ સંયુક્ત રાષ્ટ્રના છ મુખ્ય અંગોમાંથી એક છે. આ યુએનની સૌથી શક્તિશાળી સંસ્થા છે. તે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરવા અને યુએન ચાર્ટરમાં કોઈપણ ફેરફારોને મંજૂરી આપવા માટે જવાબદાર છે. કેટલાક કિસ્સાઓમાં યુએનએસસી આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા જાળવવા અથવા પુનઃસ્થાપિત કરવા પ્રતિબંધો અથવા બળનો ઉપયોગ કરી શકે છે. તેનો અર્થ એ છે કે જો ભારત પણ UNSCનું સ્થાયી સભ્ય બને છે, તો વિશ્વના કોઈપણ મોટા મુદ્દા પર તેની સહમતિ જરૂરી રહેશે.

4 UNSCમાં 5 સ્થાયી સભ્યો છે - અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને ચીન. તેમાંથી 4 દેશો ભારતને સમર્થન આપવા તૈયાર છે, પરંતુ ચીન નથી ઈચ્છતું કે યુએનની સૌથી શક્તિશાળી સંસ્થામાં ભારતને એન્ટ્રી મળે. UN સુરક્ષા પરિષદમાં કોઈપણ ઠરાવ પસાર કરવા માટે તમામ 5 સ્થાયી દેશોનું સમર્થન જરૂરી છે.ફ્રાન્સ, અમેરિકા, રશિયા અને બ્રિટને પોતાની સંમતિ દર્શાવી છે, પરંતુ ચીન વિવિધ બહાને ભારતની કાયમી સભ્યપદનો વિરોધ કરી રહ્યું છે. જ્યારે ભારતે ચીનને યુએનએસસીના કાયમી સભ્ય બનવાનું સમર્થન કર્યું હતું.



# અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી

## રિપબ્લિકન પાર્ટીમાં ઉપરાષ્ટ્રપતિ પદ માટે ભારતીયોની મજબૂત દાવેદારી

**ન્યૂયોર્ક: અમેરિકામાં સુપર ટ્યૂઝડે બાદ રાષ્ટ્રપતિ પદ માટે રાષ્ટ્રપતિ બાઈડેન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે સીધી સ્પર્ધા થવાની શક્યતા છે. દરમિયાન ટ્રમ્પના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારોને લઈને ચર્ચા છેડાઈ છે. રિપબ્લિકન પાર્ટી તરફથી ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારોની સ્પર્ધામાં હવે ભારતવંશી ઉમેદવારોની દાવેદારી મજબૂત થઈ રહી છે. સાઉથ કેરોલિનાની પૂર્વ ગવર્નર નિક્કી હેલી, બિઝનેસમેન વિવેક રામાસ્વામી ઉપરાંત અમેરિકન હિન્દુ તુલસી ગેબાર્ડ રેસમાં આગળ છે. તાજેતરમાં ટ્રમ્પને તેમના ઉપરાષ્ટ્રપતિ પદનાં છ નામ કોણ કોણ હોઈ શકે છે તેવો પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે ટ્રમ્પે રામાસ્વામી, તુલસી ગેબાર્ડ, રોન ડિસેન્ટિસ, ટિમ સ્કોટ, બાઈરોન ડોનાલ્ડ અને ક્રિટી નોએમનાં નામ આપ્યાં હતાં...**



### નિક્કી હેલી હાલમાં રાષ્ટ્રપતિની રેસમાં પણ હતા

નિક્કીએ ટ્રમ્પને વોશિંગ્ટન અને વેરમોન્ટ રાજ્યમાં હાર આપી હતી. હેલીની સૌથી મોટી તાકાત એ છે કે ફન્ડિંગ માટે તેમને કેટલાક મોટા કોર્પોરેટ અને બિઝનેસમેનનું સમર્થન છે. તેઓ ટ્રમ્પ પર અનેકવાર કઠોર ટિપ્પણી કરી ચૂક્યાં છે. » **નિક્કી હેલી,** પૂર્વ ગવર્નર, સાઉથ કેરોલિના



### વિવેક રામાસ્વામી પણ રાષ્ટ્રપતિની રેસમાં હતા

રાષ્ટ્રપતિની રેસમાં સામેલ રહેલા વિવેક રામાસ્વામીએ અગાઉ ટ્રમ્પને સમર્થન આપવાની જાહેરાત કરીને પોતાના અભિયાનને ખતમ કરવાની વાત કરી હતી. હવે તેઓ ટ્રમ્પના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બની શકે છે. » **વિવેક રામાસ્વામી,** ભારતવંશી બિઝનેસમેન



### શરૂઆતમાં જ તુલસી રેસમાંથી બહાર થઈ ગયા હતા

અમેરિકન હિન્દુ તુલસી ગેબાર્ડ રિપબ્લિકન પાર્ટીમાં આવતા પહેલાં ડેમોક્રેટિક પાર્ટીમાં હતાં. જ્યાં તેઓ 2020માં રાષ્ટ્રપતિના ઉમેદવારોમાં સામેલ હતાં. તેઓ ટ્રમ્પ માટે ફંડ રાઈઝિંગ કાર્યક્રમમાં સામેલ થશે. » **તુલસી ગેબાર્ડ,** અમેરિકન હિન્દુ, પૂર્વ ગવર્નર

ટ્રમ્પ સમર્થક ડિસેન્ટિસ 2019થી ફ્લોરિડાના ગવર્નર રહ્યા છે. કોવિડ- ઈયાન તેમજ તોફાનમાં તેમના રાહતકાર્યોથી લોકો ખૂબ જ પ્રભાવિત થયા હતા. » **રોનડિસેન્ટિસ**

સાઉથ કેરોલિનાના 2013થી ગવર્નર છે. રાષ્ટ્રપતિ ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી, પરંતુ 2023માં નામ પરત લેતા ચર્ચાનો અંત આવ્યો હતો. » **ટિમ સ્કોટ**

રિપબ્લિકન નેતા અને ફાઈનાન્સિયલ પ્રોફેસર છે. 2022થી અમેરિકન કોંગ્રેસના સભ્ય છે. ટ્રમ્પના નજીકના સાથી હોવાની હમેંશા ચર્ચા રહે છે. » **બાઈરોન ડોનાલ્ડ**

સાઉથ ડેકોટાની પ્રથમ મહિલા ગવર્નર છે. તેઓએ ટ્રમ્પની 7 મુસ્લિમ દેશોના લોકો પર અમેરિકી યાત્રા પર પ્રતિબંધની યોજનાને સમર્થન આપ્યું હતું. » **ક્રિટી નોએમ**

# રાષ્ટ્રપતિ બનતાની સાથે જ અમેરિકાની બોર્ડરો સીલ કરીશ, જેલમાં પૂરાયેલા લોકોને આઝાદ કરીશઃ ટ્રમ્પ

### કેપિટોલ હિંસામાં પોલીસે 1100 લોકો સામે કેસ કર્યો હતો

■ વોશિંગ્ટન

અમેરિકામાં રાષ્ટ્રપતિની નવેમ્બર મહિનામાં થનારી ચૂંટણીમાં ઝુકાવનારા પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઘૂસણખોરોના મુદ્દાને જોર શોરથી ચગાવી રહ્યા છે. હવે તેમણે એલાન કર્યુ છે કે, રાષ્ટ્રપતિ બનતાની સાથે જ પહેલુ કામ અમેરિકાની બોર્ડરો સીલ કરવાનુ કરીશ અને 2021માં અમેરિકાની સંસદ કેપિટલ હિલ પર થયેલા હુમલાના આરોપમાં જેલમાં પૂરાયેલા મારા સમર્થકોને મુકત કરાવીશ.




એક તરફ અમેરિકાની બોર્ડરો પરથી રોજ હજારો ઘૂસણખોરો અમેરિકામાં બેરોકટોક પ્રવેશી રહ્યા હોવાનો અને બાઈડન સરકાર આંખ આડા કાન કરી રહી હોવાનો આરોપ મુકાઈ રહયો છે ત્યારે ટ્રમ્પને ચૂંટણી માટે એક મોટો મુદ્દો મળી ગયો છે. તેઓ જ્યારે રાષ્ટ્રપતિ હતા ત્યારે પણ તેમણે ઘૂસણખોરો પર લગામ કસવાની વાત કરી હતી અને મેકિસકો બોર્ડર પર દિવાલ બનાવવાની પણ જાહેરાત કરી હતી. જોકે ટ્રમ્પ ગત ચૂંટણીમાં હારી ગયા એ પછી તેમના સમર્થકોએ અમેરિકન સંસદમાં ઘુસીને ઉત્પાત મચાવ્યો હતો. જેના પગલે 1100 લોકો સામે પોલીસે કેસ કર્યા હતા. સાથે સાથે રાજદ્રોહનો પણ આરોપ આ લોકો પર લગાવાયો હતો. આ વખતે ફરી ટ્રમ્પ અને બાઈડન આમને સામને છે પણ ઘૂસણખોરીનો મુદ્દો આ ચૂંટણીમાં પણ હાવી રહેશે તેમ લાગી રહ્યુ છે. ટ્રમ્પે એટલે જ વાયદો કર્યો છે કે, રાષ્ટ્રપતિ બનતાની સાથે જ હું અમેરિકાની બોર્ડરો સીલ કરીશ.

# અમેરિકાને ભારતીય પ્રોફેશનલ્સની તાતી જરૂરિયાત ઉભી થઈ

## સરકાર ગ્રીન કાર્ડ આપવાની નીતિ બદલે:અમેરિકન સાંસદ

**વોશિંગ્ટન :** અમેરિકામાં આઈટી સહિતના દરેક ક્ષેત્રમાં ભારતીયોની બોલબાલા વધી રહી છે. ભારતીયોના વધતા વર્ચસ્વ વચ્ચે અમેરિકાના પેન્સિલ્વેનિયા રાજ્યના સાંસદ મેટ કાર્ટરાઈટે તો સ્પષ્ટપણે કહ્યુ છે કે, ભારતીય પ્રોફેશનલ્સની અમેરિકામાં તાતી જરૂરિયાત છે અને આ માટે ભારતીયોને ગ્રીન કાર્ડ આપવા માટે લગાવવામાં આવેલો સાત ટકાનો ક્વોટા હટાવી દેવામાં આવે.




### ભારતથી આવનારા વધુ લોકો અમેરિકા માટે ફાયદામાં

અમેરિકા દર વર્ષે સાત ટકા ભારતીયોને જ ગ્રીન કાર્ડ આપે છે. આ ક્વોટાને હટાવવા માટે મેટ કાર્ટરાઈટ લાંબા સમયથી માંગ કરી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે, અમેરિકાએ દરેક દેશના સાત ટકા નાગરિકોને જ ગ્રીન કાર્ડ આપવાનુ નક્કી કર્યુ છે. તેના કારણે ભારત જેવા લોકશાહી અને અમેરિકાના મિત્ર દેશને નુકસાન થઈ રહ્યુ છે. ભારતમાં ઉચ્ચ શિક્ષિત લોકોની મોટી સંખ્યા છે પણ અમેરિકાની ક્વોટા સિસ્ટમના કારણે તેમને અમેરિકામાં તક નથી મળી રહી અને તેમને મોકો નહીં આપીને અમેરિકા મુર્ખામી કરી રહ્યુ છે. તેમણે આગળ કહ્યુ હતુ કે, અમેરિકાએ હંમેશા તિવ્ર બુધ્ધિમત્તા ધરાવતા અને ઉચ્ચ કક્ષાની આવડતવાળા લોકોનુ પોતાના દેશની ઈકોનોમી મજબૂત કરવા માટે સ્વાગત કર્યુ છે અને આ નીતિ સેંકડો વર્ષોથી ચાલતી આવી છે એટલે સાત ટકાનો ક્વોટા લાગુ કરવાનો નિર્ણય ભૂલભરેલો છે. ભારત અને અમેરિકા વચ્ચેનો આંતરરાષ્ટ્રીય વેપાર પણ બહુ જરૂરી છે અને તેના માટે ભારતથી મહત્તમ લોકો અમેરિકા આવે તે પણ અનિવાર્ય છે.

### અમેરિકામાં રહે છે 2.35 કરોડ એશિયાઈ મૂળના લોકો

ઉલ્લેખનીય છે કે, મેટ કાર્ટરાઈટ જે ક્વોટાનો વિરોધ કરી રહ્યા છે તે ગ્રીન કાર્ડ માટે લાગુ પડે છે. અમેરિકામાં આવતા જે લોકોને ગ્રીન કાર્ડ મળે તેમને અમેરિકામાં કાયમ માટે રહેવાનો અધિકાર મળતો હોય છે. અમેરિકાએ દરેક દેશના લોકોને ગ્રીન કાર્ડ આપવા માટે એક મર્યાદા રાખી છે. એક અંદાજ પ્રમાણે અમેરિકામાં એશિયાઈ મૂળના 2.35 કરોડ લોકો રહે છે. જેમાં સૌથી વધારે 52 લાખ લોકો ચાઈનિઝ મૂળના અને બીજા ક્રમે 48 લાખ લોકો ભારતીય મૂળના છે.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઇ-મેલ આઈડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor**
**Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

### 4 દેશ ભારતમાં 8.27 લાખ કરોડનું રોકાણ કરશે, 10 લાખ નોકરી ઉભી થશે

# ભારતે EFTA દેશો સાથે ફ્રી-ટ્રેડ ડીલ પર હસ્તાક્ષર કર્યા, મોટી તકો સર્જાશે

## આઈસલેન્ડ, નોર્વે, સ્વિત્ઝરલેન્ડ, લિકટેંસ્ટાઈન વચ્ચે ભારતની ડીલ થઈ

■ નવી દિલ્હી

ભારતે રવિવારે (10 માર્ચ) ચાર દેશોના જૂથ યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (EFTA) સાથે $100 બિલિયન (રૂ. 8.27 લાખ કરોડ)ના મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા. આઈટી, ઑડિયો-વિઝ્યુઅલ અને કુશળ વ્યાવસાયિકોની હિલચાલ જેવા મુખ્ય ઘરેલું સેવા ક્ષેત્રોમાં રોકાણ અને નિકાસને પ્રોત્સાહન આપવા માટે આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આઈસલેન્ડ, લિકટેંસ્ટાઈન, નોર્વે અને સ્વિટ્ઝર્લેન્ડ આ ચાર દેશો EFTAનો ભાગ છે. ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ કરારના અમલીકરણ પછીના પ્રથમ 10 વર્ષમાં ભારતે $50 બિલિયન (રૂ. 4.13 લાખ કરોડ)ના રોકાણની પ્રતિબદ્ધતા માંગી છે. આ ઉપરાંત બ્લોક મેમ્બરો પાસેથી આગામી પાંચ વર્ષમાં $50 બિલિયનના વધારાના રોકાણની પ્રતિબદ્ધતા પણ માંગવામાં આવી છે.




### બિઝનેસ વધે તે માટે જાન્યુઆરી 2008થી મુક્ત વેપાર કરાર પર વાટાઘાટો ચાલી રહી છે

કરારમાં 14 પ્રકરણો છે, જેમાં માલસામાનમાં વેપાર, મૂળના નિયમો, સેવાઓમાં વેપાર, રોકાણ પ્રોત્સાહન અને કોર્પોરેશન, સરકારી પ્રાપ્તિ, બૌદ્ધિક સંપદા અધિકારો (IPRs), વેપાર સુવિધા અને વેપારની સુવિધામાં ટેકનિકલ અવરોધોનો સમાવેશ થાય છે. ભારત અને EFTA આર્થિક સંબંધોને વેગ આપવા જાન્યુઆરી 2008થી મુક્ત વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે.

### પીયૂષ ગોયલે કહ્યું- તમામ દેશો માટે વિન-વિન કન્ડિશન

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે પીએમ નરેન્દ્ર મોદીને ટાંકીને કહ્યું કે, 'ઘણા પાસાઓમાં માળખાકીય વિવિધતા હોવા છતાં, આપણી અર્થવ્યવસ્થામાં પૂરકતા છે, જે તમામ દેશો માટે વિન-વિન કન્ડિશનની સ્થિતિ હોવાનું વચન આપે છે. વેપાર અને રોકાણની નવી તકો ખોલવા સાથે, અમારો વિશ્વાસ અને મહત્વાકાંક્ષા નવા સ્તરે પહોંચી છે. પીયૂષ ગોયલે કહ્યું, 'કેટલાક સુધારાઓ દ્વારા અમે બિઝનેસ કરવાની સરળતામાં વધારો કર્યો છે, જેણે અમારા દેશને વેપાર, ઉત્પાદન અને નિકાસમાં નવી ઊંચાઈઓ સુધી પહોંચવામાં મદદ કરી છે.

### ફૂડ પ્રોસેસિંગ, ક્લીન એનર્જી જેવા ક્ષેત્રોમાં સહયોગ થશે

સંશોધન અને વિકાસમાં EFTA દેશોનું વૈશ્વિક નેતૃત્વ ડિજિટલ વેપાર, બેંકિંગ અને નાણાકીય સેવાઓ, પરિવહન અને લોજિસ્ટિક્સ, ઔદ્યોગિક મશીનરી, બાયોટેકનોલોજી, ફાર્માસ્યુટિકલ્સ, રસાયણો, ખાદ્ય પ્રક્રિયા અને સ્વચ્છ ઊર્જા જેવા ઘણા ક્ષેત્રોમાં સહયોગ માટે નવા દરવાજા ખોલશે.'

## ચૂંટણી આવતાં જ પેટ્રોલ-ડીઝલમાં 2 રૂપિયાનો ઘટાડો

■ નવી દિલ્લી

લોકસભા ચૂંટણી પહેલા પેટ્રોલિયમ કંપનીઓએ લોકોને રાહત આપતા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર 2 રૂપિયાનો ઘટાડો કર્યો હતો. શુક્રવારે સવારે 6 વાગ્યાથી નવી કિંમતો લાગુ થઈ ગઈ છે. અગાઉ 21 મે, 2022 (22 મહિના) ના રોજ કિંમતો ઘટાડવામાં આવી હતી. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ પુરીએ ગુરુવારે (14 માર્ચ) સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ માહિતી આપી હતી. તેમણે લખ્યું કે, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં 2 રૂપિયાનો ઘટાડો કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર સાબિત કર્યું છે કે કરોડો ભારતીયોના પરિવારોનું કલ્યાણ અને સુવિધા જ તેમનું લક્ષ્ય છે. કેન્દ્ર સરકારની જાહેરાતના થોડા કલાકો પહેલા જ રાજસ્થાન સરકારે તેના રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલ પરના વેટમાં 2 ટકાનો ઘટાડો કર્યો હતો. રાજસ્થાનને આનો બેવડો ફાયદો થશે.

## ફોનનું ઉત્પાદન રૂ.20 લાખ કરોડે પહોંચ્યું

### 10 વર્ષમાં 20 લાખ કરોડના ઉત્પાદન લક્ષ્યાંકને હાંસલ કરવાનું લક્ષ્ય

■ નવી દિલ્હી

ભારતીય મોબાઈલ ઈન્ડસ્ટ્રીઝ ચાલુ નાણાકીય વર્ષમાં રૂ.19.45 લાખ કરોડના ઉત્પાદન સીમાચિહ્નને પાર કરે તેવી અપેક્ષા છે તેમ ઈન્ડસ્ટ્રીઝ સંગઠન ICEAએ જણાવ્યું હતું. મોબાઈલ ઈન્ડસ્ટ્રીએ દસ વર્ષમાં રૂ. 20 લાખ કરોડના ઉત્પાદન લક્ષ્યાંકને હાંસલ કરવાનો લક્ષ્યાંક રાખ્યો હતો. વોલ્યુમની દ્રષ્ટિએ ભારતે આ દરમિયાન મોબાઈલ ફોનના 245 કરોડ યુનિટનું ઉત્પાદન કર્યું હતું. ઉત્પાદન પણ 2014-15ના રૂ.18,900 કરોડથી લગભગ 2,000 ટકા વધીને નાણાકીય વર્ષ 2024માં અંદાજે રૂ.4,10,000 કરોડ થયું હતું. ભારતની જીડીપી વર્તમાન USD 3.7 ટ્રિલિયનથી 2030 સુધીમાં USD 7 ટ્રિલિયન થઈ જશે તે ડિજિટલ ક્ષેત્ર અને વેપારમાં વૃદ્ધિને કારણે થશે જ્યાં મોબાઈલ ઉત્પાદનની આગેવાની હેઠળ ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

## તારીખ 20 મેથી આગામી સ્પેક્ટ્રમની હરાજી કરાશે



**નવી દિલ્હી :** ભારતની આગામી સ્પેક્ટ્રમની હરાજી 20 મેથી શરૂ થશે. ટેલિકોમ વિભાગે 8 માર્ચે આ અંગે નોટિસ ઈનવાઈટિંગ ડોક્યુમેન્ટ (NIA) જાહેર કર્યું છે. DoTને આ વખતે હરાજીમાં ટેલિકોમ ઓપરેટર્સ તરફથી બહુ સારા પ્રતિસાદની અપેક્ષા નથી. કારણ કે ગયા વર્ષે જ કંપનીઓએ ઘણા બધા સ્પેક્ટ્રમ ખરીદ્યા હતા. કંપનીઓનું ફોકસ સ્પેક્ટ્રમના ટોપઅપ પર રહેશે જે તેમની કામગીરીમાં છે અને તેની સમયસીમા સમાપ્ત થવા જઈ રહી છે. ટેલિકોમ વિભાગને હરાજીમાંથી આશરે રૂ. 10,000 કરોડ મળવાની અપેક્ષા છે. 800, 900, 1,800, 2,100, 2,300, 2,500, 3,300 MHz અને 26 GHz બેન્ડમાં ઉપલબ્ધ તમામ સ્પેક્ટ્રમ રૂ. 96,317.65 કરોડની મૂળ કિંમતે હરાજીમાં મૂકવામાં આવશે.

## NEWS FILE

### દેશમાં મોંઘવારી ઘટી પણ ખાણીપીણીની વસ્તુ મોંઘી થઈ




નવી દિલ્હીઃ ફેબ્રુઆરીમાં ભારતનો જથ્થાબંધ ફુગાવો ઘટીને 0.20% પર આવી ગયો છે. જાન્યુઆરીમાં તે 0.27% હતો. મોંઘવારીનું આ 4 મહિનામાં સૌથી નીચું સ્તર પણ છે. નવેમ્બરમાં ફુગાવો 0.26% હતો. મોંઘવારી ઘટી છે, પરંતુ ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો થયો છે. જ્યારે એક વર્ષ પહેલા એટલે કે ફેબ્રુઆરી 2023ની વાત કરીએ તો હોલસેલ ફુગાવો 3.85% હતો. એપ્રિલ 2023થી ઓક્ટોબર 2023 સુધી ફુગાવો નકારાત્મક ઝોનમાં હતો. એપ્રિલમાં ફુગાવો -0.92% અને ઓક્ટોબરમાં -0.52% હતો. 12 માર્ચે સરકારે છૂટક ફુગાવાના આંકડા જાહેર કર્યા હતા. ફેબ્રુઆરી 2024માં ભારતનો છૂટક ફુગાવો નજીવો ઘટીને 5.09% થયો છે.

### Paytm 20% કર્મચારીઓની છટણી કરશે, AI પણ જવાબદાર

નવી દિલ્હીઃ Paytmની પેરેન્ટ કંપની 'One 97 Communications Limited' તેના લગભગ 20% કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવાની તૈયારી કરી રહી છે. તાજેતરમાં કંપનીએ કોસ્ટ કટિંગ માટે 1000 કર્મચારીઓને કાઢી મૂક્યા હતા. રિપોર્ટ અનુસાર, કંપની વાર્ષિક પરફોર્મન્સ રિવ્યૂ હેઠળ અલગ-અલગ વિભાગોમાં આ છટણી કરવા જઈ રહી છે. નિયમનકારી નિયમોના ઉલ્લંઘન અને અન્ય વિવિધ અનિયમિતતાઓને કારણે પેટીએમ પહેલાથી જ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) તરફથી કાર્યવાહીનો સામનો કરી રહ્યું છે.

### સ્પાઈસજેટના 2 અધિકારીઓ ચાર્ટર એરલાઈન શરૂ કરશે




નવી દિલ્હીઃ રોકડની તંગી અને કાયદાકીય લડાઈનો સામનો કરી રહેલી એરલાઈન કંપની સ્પાઈસ જેટના ચીફ કોમર્શિયલ ઓફિસર શિલ્પા ભાટિયા અને ચીફ ઓપરેટિંગ ઓફિસર (સીઓઓ) અરુણ કશ્યપે રાજીનામું આપી દીધું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભાટિયા અને કશ્યપ સાથે મળીને નવો ચાર્ટર એરલાઈન બિઝનેસ શરૂ કરશે. હાલમાં બંને અધિકારીઓ કંપનીમાં નોટિસ પિરિયડ પર છે જે 31 માર્ચે પૂરો થઈ રહ્યો છે. અરુણ કશ્યપની પત્ની મીનાક્ષી કશ્યપ અને શિલ્પા ભાટિયાના પતિ અજય ભાટિયાએ ઓગસ્ટ 2023માં સિરિયસ ઈન્ડિયન એરલાઈન્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની શરૂ કરી હતી.

# અદાણી ગ્રુપ એરપોર્ટ ડેવલપમેન્ટ પર 60,000 કરોડનો ખર્ચ કરશે

## નવી મુંબઈ એરપોર્ટ પર 18,000 કરોડનું રોકાણ કરશે

■ નવી દિલ્લી

અદાણી ગ્રુપ એરપોર્ટ બિઝનેસમાં રૂ. 60,000 કરોડ ખર્ચવા જઈ રહ્યું છે. અદાણી ગ્રૂપ આ રકમ આગામી 10 વર્ષમાં રનવે, ટેક્સીવે, એરક્રાફ્ટ પાર્કિંગ સ્ટેન્ડ અને ટર્મિનલની સાથે સિટી સાઈડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખર્ચ કરશે. આ માહિતી અદાણી પોર્ટ્સ એન્ડ સેઝના સીઈઓ કરણ અદાણીએ આપી છે. અદાણી ગ્રૂપે કહ્યું છે કે એરપોર્ટ ટર્મિનલ અને રનવેની ક્ષમતામાં આગામી 5 વર્ષમાં રૂ. 30,000 કરોડ અને આગામી 10 વર્ષમાં સીટી સાઈડ ડેવલપમેન્ટ માટે રૂ. 30,000 કરોડનું રોકાણ કરવાનું છે. આ રોકાણ નવી મુંબઈ એરપોર્ટના પ્રથમ તબક્કાના વિકાસ માટે ખર્ચવામાં આવેલા રૂ. 18,000 કરોડથી અલગ હશે. તે માર્ચ 2025 સુધીમાં કાર્યરત થવાની ધારણા છે. આ રોકાણ સહિત, અદાણી ગ્રુપ એરપોર્ટના વિકાસ માટે કુલ રૂ. 78,000 કરોડનો ખર્ચ કરશે.ગ્રુપ આગામી 16 વર્ષમાં એટલે કે 2040 સુધીમાં તેની ક્ષમતા 25 થી 30 કરોડ મુસાફરો સુધી વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

### કંપની ઈન્ટરનલ સ્ત્રોતોમાંથી ભંડોળ એકત્ર કરશે

અદાણી એરપોર્ટ હોલ્ડિંગના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અરુણ બંસલે જણાવ્યું છે કે અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ ઈન્ટરનલ સ્ત્રોતોમાંથી આ ભંડોળ મેળવવાની વ્યવસ્થા કરશે. બંસલે કહ્યું છે કે અમે ગુવાહાટીમાં નવું ટર્મિનલ બનાવી રહ્યા છીએ અને અમદાવાદમાં પણ નવું ટર્મિનલ બનાવવાની યોજના બનાવી રહ્યા છીએ.

### અદાણી એરપોર્ટ્સ પાસે મુંબઈ એરપોર્ટમાં 73% હિસ્સો

2019માં અદાણી ગ્રુપની સંપૂર્ણ પેટાકંપની તરીકે સામેલ કરવામાં આવી. કંપની દેશના 7 એરપોર્ટના ઓપરેશન, મેનેજમેન્ટ અને ડેવલપમેન્ટ સંભાળે છે. કંપની મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં 73% હિસ્સો ધરાવે છે. નવી મુંબઈ એરપોર્ટમાં અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સની 74% ભાગીદારી છે. તે દેશના કુલ પેસેન્જર મૂવમેન્ટમાં 25% અને એર કાર્ગો ટ્રાફિકમાં 33% કોન્ટ્રીબ્યુશન કરે છે. વર્ષ 2021માં, કંપનીએ JVK જૂથ પાસેથી મુંબઈ એરપોર્ટ અને નવી મુંબઈ એરપોર્ટ હસ્તગત કર્યા, તે હાલમાં બાંધકામના તબક્કામાં છે. તેની ક્ષમતા હાલમાં 10 કરોડથી 11 કરોડ પેસેન્જરની છે. ગ્રુપ આગામી 16 વર્ષમાં એટલે કે 2040 સુધીમાં તેની ક્ષમતા 25 થી 30 કરોડ મુસાફરો સુધી વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

## તંત્રીસ્થાનેથી...

# ઓર્ગેનિક ફાર્મિંગના નવા કન્સેપ્ટ વચ્ચે રાસાયણિક ખાતરોનો બેફામ ઉપયોગ



**દેશમાં** કૃષિ ક્ષેત્રમાં વિવિધ કૃષી ચીજોના વાવેતરના વિસ્તારમાં તાજેતરના વર્ષોમાં ખાસ્સી વૃદ્ધિ જોવા મળી છે પરંતુ તેની સરખામણીએ કૃષી ઉત્પાદનમાં તેટલા પ્રમાણમાં વૃદ્ધી થઈ નથી એવું કૃષિ નિષ્ણાતો જણાવી રહ્યાં છે. આ તજજ્ઞોના જણાવ્યા મુજબ કૃષિ ચીજોની હેકટરદીઠ પેદાશ આપણા દેશમાં હજી ખાસ્સી નીચી રહી છે તેની સામે વિશ્વના અન્ય દેશો ઓછા હેકટર્સમાં વધુ કૃષી ઉપજ મેળવતા થયા છે. જો આપણા દેશમાં પણ આવી હેકટરદીઠ પેદાશ વધારવામાં આવે તો ઘરઆંગણે કૃષી ઉત્પાદનમાં ખાસ્સી વૃદ્ધિ મેળવી શકાય તેમ છે એવું જાણકારોએ જણાવ્યું હતું. જોકે આના માટે કૃષી ઉત્પાદનની ખેતીની પદ્ધતિમાં આધુનીકરણ લાવવું આવશ્યક છે ઉપરાંત યોગ્ય ખાતરો-ફર્ટીલાઈઝર્સનો યોગ્ય ઉપયોગ કરવો પણ જરૂરી છે. દેશમાં આવા માહોલમાં ઓર્ગેનિક ફાર્મિંગનો નવો કોન્સેપ્ટ પણ વિકસી રહ્યો છે. દરમિયાન, તાજેતરમાં દિલ્હીથી મળેલા સમાચાર મુજબ ૨૦૨૪ની ખરીફ મોસમ માટે સરકારે રૂ.૨૪ હજાર કરોડથી વધુની ફર્ટીલાઈઝર સબસીડીને મંજૂરી આપી છે. સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ આવી સબસીડી વિશેષ રૂપે ફોસ્ફેટીક તથા પોટાસીક ફર્ટીલાઈઝર્સ માટે આપવામાં આવનાર છે જેને ટુંકા નામે પી એન્ડ કે તરીકે ઓળખવામાં આવે છે. આમાં નવા ત્રણ ગ્રેડનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ઘરઆંગણે વિવિધ કઠોળ તથા વિવિધ તેલીબિંયાનું ઉત્પાદન વધારવા સરકાર કટીબદ્ધ બની છે ત્યારે આવી ફર્ટીલાઈઝર્સ સબસીડી પણ સરકાર વિશેષ લક્ષ આપી રહી હોવાનું કૃષી બજારોના જાણકારોએ જણાવ્યું હતું. દેશમાં ખરીફ મોસમ એપ્રિલથી શરૂ થાય છે જે સપ્ટેમ્બર સુધી ચાલતી હોય છે. સરકાર ન્યુટ્રીઅન્ટ બેઝ્ડ સબસીડી (એનબીએસ) પર વિશેષ લક્ષ આપતી જોવા મળી છે. વિશ્વ બજારમાં તાજેતરમાં વિવિધ ખાતરોના ભાવ ઉંચા ગયા છે. જોકે ભારતમાં ફર્ટીલાઈઝર્સના ભાવ કાબુમાં રાખવા સરકાર વિવિધ પ્રયત્નો કરતી જોવા મળી છે.

નાઈટ્રોજનની સબસીડી કિલોદીઠ રૂ.૪૭.૦૨ નક્કી કરાઈ છે જ્યારે ફોસ્ફેટીકની સબસીડી કિલોદીઠ રૂ.૨૮.૭૨ નક્કી કરાઈ છે. પોટાસીકની સબસીડી રૂ.૨.૩૮ તથા સલ્ફરની સબસીડી રૂ.૧.૮૯ નક્કી કરાઈ છે. ફોસ્ફેટીકની સબસીડી રૂ.૨૦.૮૨થી વધી રૂ.૨૮.૭૨થઈ છે. ડાય-એમોનીયમ ફોસ્ફેટ ટીએપીની સબસીડી ટનના રૂ.૪૫૦૦ જાળવી રાખવામાં આવી છે. ડાય એમોનીયમ ફોસ્ફેટના ભાવ ગુણીના રૂ.૧૩૫૦ આસપાસ રહ્યા છે. ભારતમાં ફર્ટીલાઈઝર્સનો વાર્ષિક ધોરણે વપરાશ આશરે ૩૨૫થી ૩૨૬ લાખ ટન જેટલો થાય છે.

૨૦૨૧-૨૨માં આ આંકડો ૨૯૩થી ૨૯૪ લાખ ટનનો નોંધાયો હતો તે ૨૦૨૨-૨૩માં ૩૨૫થી ૩૨૬ લાખ ટન થયો છે. આમ ઘરઆંગણે વિવિધ ખાતરોનો વપરાશ વધી રહ્યાના નિર્દેશો મળ્યા છે. ફર્ટીલાઈઝર એસોસીએશન ઓફ ઈન્ડિયાના સૂત્રોના જણાવ્યા મુજબ દેશમાં ફર્ટીલાઈઝર્સના વાર્ષિક વપરાશમાં ૧૦થી ૧૧ ટકાની વૃદ્ધી જવા મળી છે. આ એક સારો સંકેત છે કારણ કે ખાતરોનો વપરાશ વધતાં કૃષી ઉત્પાદન તથા હેકટરદીઠ કૃષી પેદાશ પર તેની પોઝીટીવ અસર જોવા મળશે એવી શક્યતા કૃષી બજારોના તજજ્ઞાો બતાવી રહ્યા છે. પીએન્ડ કે તરીકે ઓળખાતા ફર્ટીલાઈઝર્સમાં ગરઆંગણે ઉત્પાદીત થતા આવા ખાતરોની સબસીડીમાંલ ફ્રેઈટ (હેરફેર) સબસીડીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. દરમિયાન, દેશમાં યુરીયાની આયાત ઘટાડવા ઘરઆંગણે યુરીયાનું ઉત્પાદન વધારવાના પ્રયત્નોને સારો પ્રતિસાદ મળ્યો છે અને તેના પગલે હવે આવો પ્રયોગ ડીએપી (ડાય-એમોનિયમ ફોસ્ફેટ) ફર્ટીલાઈઝર પર કરવાની /યોજના સરકારે બનાવી છે. આ ફોસ્ફરસ ફર્ટીલાઈઝરનો વ્યાપક ઉપયોગ કૃષી ક્ષેત્રે થાય છે તથા તાજેતરમાં મળેલા આંકડા મુજબ આવા ડીએપી ફર્ટીલાઈઝરની દેશમાં આયાત એપ્રિલથી જાન્યુઆરીના ગાળામાં આશરે ૬ ટકા વધી છે. આવા ખાતરનું ઘરઆંગણે ઉત્પાદન વધારવા સરકારે તાજેતરમાં આવા ખાતર પરની સબસીડી પણ વધાર્યાના વાવડ મળ્યા હતા. એપ્રિલથી જાન્યુઆરી દરમિયાન ડીએપી ખાતરની માગ આશરે છ ટકા વધી ૧૦૩ લાખ ટનની સપાટી વટાવી ગઈ છે. નોન-લીકવીડ યુરીયાનો વપરાશ વધતા તથા કેમિકલનો વપરાશ ઘટાડવાના સરકારના પ્રયત્નોના પગલે ભારતમાં પરંપરાગત યુરીયા ખાતરની માગમાં આ વર્ષે આશરે ૨૫ લાખ ટનનો ઘટાડો થવાની શક્યતા સરકારી સૂત્રો બતાવી રહ્યા છે.

# પાકિસ્તાન 'મિસ્ટર ટેન પર્સન્ટ' ઝરદારીને હવાલે,ભ્રષ્ટાચાર છતાં સર્વોચ્ચ પદ અપાયું

## વિચાર મંથન

**પાકિસ્તાની** રાજકારણના કટકીબાજ શરીફ ખાનદાને ઈમરાન ખાનને સત્તાથી દૂર રાખવા પોતાના કટ્ટર દુશ્મન એવા ભુટ્ટો-ઝરદારી ખાનદાન સાથે કરેલા નાતરાને કારણે મહાભ્રષ્ટ શાહબાઝ શરીફ પાકિસ્તાનના વડાપ્રધાન બની ગયા. હવે આ નાતરાની શરતોના ભાગરૂપે શાહબાઝ અને નવાઝ શરીફને પણ શરીફ કહેવડાવે એવા આસિફ અલી ઝરદારી પાકિસ્તાનના પ્રમુખ બની ગયા. નાના હતા ત્યારે ખાપરા અને કોડિયા એ બે ચોરની વાર્તાઓ સાંભળતા. શાહબાઝ-ઝરદારીની જોડી ખાપરા-કોડિયાની જોડી છે અને આ બે મહાચોર પાકિસ્તાનનું સાવ ધનોતપનોત કાઢી નાંખશે.

ઝરદારી આ પહેલાં ૨૦૦૮માં પણ પ્રમુખ બનેલા. પાકિસ્તાનમાં લોકશાહી તો છે નહીં પણ તમાશા જેવી લોકશાહી ઢબે ચૂંટાઈને પ્રમુખપદે પાંચ વર્ષ પૂરાં કરનારા એક માત્ર રાજકારણી છે પણ તેમની અસલી ઓળખ બેનઝીર ભુટ્ટોના પતિ તરીકેની છે. ઝરદારીએ ૧૯૮૭માં બેનઝીર સાથે નિકાહ કર્યા ત્યારે સૌને કાગડો દહીથરું લઈ ગયો એવું લાગેલું કેમ કે બેનઝીર હોલીવુડની હીરોઈનોને ઝાંખી પાડે એવાં ખૂબસૂરત હતાં જ્યારે ઝરદારી સાવ ગગા જેવા લાગતા.

ઝરદારી બેનઝીરથી બે વર્ષ નાના હતા અને સિંધના જમીનદારના પુત્ર હતા પણ ભુટ્ટો ખાનદાન સામે તેમના પરિવારનો કોઈ ક્લાસ નહોતો. બેનઝીર ઈંગ્લેન્ડમાં ઉછર્યા ને ભણ્યા તેથી વેસ્ટર્ન સ્ટાઈલની સ્વચ્છંદી લાઈફસ્ટાઈલ જીવતાં. તેના કારણે વગોવાયેલાં હતાં તેથી પાકિસ્તાનમાં કોઈ રૂઢિચુસ્ત ખાનદાનનો નબિરો બેનઝીર સાથે નિકાર માટે તૈયાર નહોતો. આ કારણે બેનઝીરે મજબૂરીમાં ઝરદારી સાથે નિકાહ કરવા પડયા એવી વાતો પણ ચાલેલી.

આ વાતોમાં કેટલી સચ્ચાઈ છે એ બેનઝીર ને ઝરદારી જાણે પણ ઝરદારીએ બેનઝીર સાથેના નિકાહનો ભરપૂર ફાયદો ઉઠાવીને સાબિત કર્યું કે, દેખાવમાં ભલે બહુ સ્માર્ટ ના હોય પણ તેમનું દિમાગ શાતિર છે. બેનઝીર ભુટ્ટો ૧૯૮૮માં પહેલી વાર વડાપ્રધાન બન્યાં તેના વરસ પહેલા જ ઝરદારી સાથે તેમના નિકાહ થયેલા. બેનઝીર પહેલી વાર વડાપ્રધાન બન્યાં ત્યારે પોણા બે વર્ષ જ્યારે



૧૯૯૩માં બીજી વાર વડાપ્રધાન બન્યાં ત્યારે ત્રણ વર્ષ ટકેલાં. બેનઝીર પહેલી વાર ઘરભેગાં થયાં તેના માટે ઝરદારીનો ભ્રષ્ટાચાર જવાબદાર હતો. પાકિસ્તાન સરકાર દ્વારા અપાતા દરેક કોન્ટ્રાક્ટમાં ઝરદારી પહેલાંથી ૧૦ ટકા કમિશન નક્કી કરી નાંખતા. તેના કારણે ઝરદારી 'મિસ્ટર ટેન પરસેન્ટ' તરીકે વગોવાઈ ગયેલા. આ ભ્રષ્ટાચાર બદલ ઝરદારીને ૧૯૯૦માં જેલમાં ધકેલી દેવાયેલા ને બેનઝીર ૧૯૯૩માં બીજી વાર વડાપ્રધાન બન્યાં ત્યારે છૂટકારો થયેલો.

આ જેલવાસ પછી પણ ઝરદારી સુધર્યા નહીં. બેનઝીરે ૧૯૯૩માં ઝરદારીને ફેડરલ ઈન્વેસ્ટમેન્ટ મિનિસ્ટર અને પાકિસ્તાન એનવાયરમેન્ટલ પ્રોટેક્શન કાઉન્સિલના ચેરપર્સન બનાવેલા. ઝરદારીએ તેનો લાભ લઈને લાંચની દુકાન નહીં પણ મોલ જ ખોલી નાંખેલો. ઝરદારીએ ભ્રષ્ટાચારના બધા રેકોર્ડ તોડી નાંખેલો એમ કહીએ તો ચાલે. ૧૯૯૫માં સ્વિસ બેંકોમાં ઝરદારીના ૧૫૦ કરોડ ડોલર જમા હતા. તેના પરથી જ ઝરદારીએ કેવો ભ્રષ્ટાચાર કર્યો હશે એ ખબર પડી જાય.

બેનઝીરના ભાઈ મુર્તઝાએ ઝરદારીના ભ્રષ્ટાચાર સામે વાંધો લીધો તો ઝરદારીએ કરાચી પોલીસ પાસે તેનું એન્કાઉન્ટર કરાવીને તેને મરાવી નંખાવેલો. મુર્તઝાની હત્યા બેનઝીર-ઝરદારીને ભારે પડી ગઈ હતી. મહિના પછી પ્રમુખ ફારૂક લેઘારીએ બેનઝીરની સરકારને બરતરફ કરી નાંખી હતી. મુર્તઝાની હત્યા અને ભ્રષ્ટાચારના કેસ નોંધીને ઝરદારીને જેલભેગા કરી દેવાયા પછી ઝરદારીનાં કરતૂતોનો ચોપડો ખૂલ્યો કે જે સાંભળીને આખી દુનિયા સ્તબ્ધ થઈ ગયેલી.

ઝરદારી જેલમાં હતા ત્યારે જ ફ્રાન્સની કંપની દસોં એવિએશન સાથેના ૪ અબજ ડોલરના ત્રણ સબમરીનના કોન્ટ્રાક્ટમાં ૨૦ કરોડ ડોલરની કટકી ખાધી હોવાનો ધડાકો થયેલો. ઝરદારીએ પાકિસ્તાનમાં સોનાની આયાતનો પરવાનો એક જ બિઝનેસમેનને આપીને તેની મોનોપોલી ઉભી કરેલી ને તેના માટે ૧ કરોડ ડોલર લીધેલા. ઝરદારી ૧૯૯૭માં જેલામાંથી જ ચૂંટણી લડીને સાંસદ બનેલા પણ ૧૯૯૮માં પાકિસ્તાનની કોર્ટે ભ્રષ્ટાચારના કેસમાં દોષિત ઠેરવતાં સાંસદપદ જતું રહેલું. સ્વિસ સરકારે આપેલા ડોક્યુમેન્ટના આધારે ઝરદારી દોષિત ઠરેલા. ૧૯૯૯માં બેનઝીર અને ઝરદારી બંનેને પાંચ-પાંચ વર્ષની કેદ થઈ પછી હતાશ ઝરદારીએ આપઘાતનો પ્રયાસ કરેલો પણ બચી ગયા. ૨૦૦૩માં બેનઝીર-ઝરદારીને સ્વિસ કોર્ટે દોષિત ઠેરવીને સજા ફટકારેલી. ભ્રષ્ટાચારના કેસોમાં અટવાયેલાં ઝરદારી-બેનઝીર કદી બહાર જ નહીં આવે એવું લાગતું હતું તેથી બંને ૨૦૦૫માં દુબઈ ભાગી ગયેલાં.

ઝરદારીએ ૨૦૦૭માં બેનઝીરની પાકિસ્તાનમાં વાપસી માટે લશ્કરી સરમુખત્યાર પરવેઝ મુશર્રફ સાથે સોદાબાજી કરી હતી. તેના ભાગરૂપે ઝરદારી સામેના કેસો પણ પાછા ખેંચાઈ ગયેલા. આશ્ચર્યજનક રીતે બેનઝીર પાકિસ્તાન પાછાં આવ્યાં ત્યારે ઝરદારી દીકરીઓ સાથે દુબઈમાં જ રહેલા. પાકિસ્તાનમાં બેનઝીરનું સ્વાગત કરાચી એરપોર્ટ પર બોમ્બ બ્લાસ્ટ સાથે થયેલું કે જેમાં ૧૧૦ લોકો મરાયેલાં. તેના દિવસો પછી બીજા બોમ્બ બ્લાસ્ટમાં બેનઝીરની હત્યા થઈ ગઈ.

બેનઝીરની હત્યા માટે ઝરદારી સામે આંગળી ચીંધાયેલી. બેનઝીરે રાજકીય ફાયદા માટે પત્નીની હત્યા કરાવી હોવાના આક્ષેપ થયેલા પણ કોઈ પુરાવા નહોતા. બેનઝીરની હત્યાની સહાનુભૂતિ પર ઝરદારી ૨૦૦૮માં પ્રમુખ બની ગયા એ જોતાં આ વાત સાચી પણ લાગે છે.

ઝરદારીએ પાકિસ્તાન પાછા આવ્યા પછી પોતાની સામેના ભ્રષ્ટાચારના કેસોમાં નિર્દોષ સાબિત થવાની ગોઠવણ સૌથી પહેલાં કરી તેથી ૨૦૧૩ પછી ઝરદારીએ જેલમાં જવું નથી પડયું પણ ભૂતકાળનાં કરતૂતોના કારણે પહેલાં જેવો રાજકીય દબદબો પણ નથી રહ્યો. ઝરદારીનો દીકરો બિલાવલ બાપને સારો કહેવડાવે એવો છે. પોતાનાથી ૧૫ વર્ષ મોટી હીના રબ્બાની ખાર સાથે અફેરના કારણે વગોવાયેલો બિલાવલ ઈમરાન ખાન સામે વામણો સાબિત થયો છે.

### ભારત, બ્રાઝિલ, મેક્સિકોથી આવેલા ઈમિગ્રન્ટ્સનો ઈકોનોમીને ટેકો

# તો શું ઈમિગ્રન્ટ્સે અમેરિકાને મંદીમાંથી ઉગાર્યું !



અનંત
સંદીપ હીરપરા

**અમેરિકા** ભલે ઈમિગ્રન્ટ્સનના મુદ્દાએ ચર્ચા જગાવી હોય પરંતુ ભારત સહિતના દેશોમાંથી આવેલા ઈમિગ્રન્ટ્સે અમેરિકાને મંદીમાંથી ઉગાર્યું છે. તો બીજી તરફ ટ્રમ્પ જેવા નેતા ફરીથી અમેરિકાના પ્રેસિડન્ટ બનવા માગે છે અને મોટી સંખ્યામાં ઈમિગ્રન્ટને બહાર કાઢવાની વાત કરી રહ્યા છે. પરંતુ ટ્રમ્પ અને બીજા નેતાઓ ભૂલી જાય છે કે ઈમિગ્રન્ટ્સની મહેનતથી જ અમેરિકા આગળ આવ્યું છે. કોવિડ વખતે પણ USA સાવ બરબાદ થઈ જાય તેમ હતું. પરંતુ ભારત, બ્રાઝિલ, મેક્સિકો જેવા દેશોમાંથી આવેલા ઈમિગ્રન્ટ્સે અમેરિકાની ઈકોનોમીને ટેકો આપ્યો. એટલું જ નહીં, અમેરિકાના આર્થિક ગ્રોથને શ્રેય પણ ઈમિગ્રન્ટ્સના ફાળે જાય છે. ન્યૂયોર્ક ટાઈમ્સના એક અહેવાલ પ્રમાણે કોરોના પછી અમેરિકાના આર્થિક વિકાસમાં ઈમિગ્રન્ટસની મોટી ભૂમિકા રહી છે. હવે અમેરિકાએ જ્યાં જોબ ખાલી હોય ત્યાં ઈમિગ્રન્ટ્સને કામ આપવા પર ફોકસ કરવાની જરૂર છે. ઘણા એક્સપર્ટ એવું માનતા હતા કે મહામારી પછી અમેરિકા રિકવર નહીં થઈ શકે, પરંતુ યુએસની રિકવરી ઘણી ફાસ્ટ છે અને તે ઈમિગ્રેશનના કારણે છે.

2021 અને 2022માં વિઝા પ્રક્રિયા ફરીથી શરૂ થઈ જેના કારણે રોજગારીમાં વધારો થયો. બહારના કામદારના કારણે ઠપ થયેલા ઉદ્યોગો ફરી ચાલુ થયા. અમેરિકામાં બર્થ રેટ ઘટતો જાય છે અને વૃદ્ધ લોકો રિટાયર થઈ રહ્યા છે. તેથી ખાલી જગ્યાઓ ભરવા માટે ઈમિગ્રન્ટ્સની જરૂર છે. હાલમાં અમેરિકામાં કુલ લેબર ફોર્સમાં 18 ટકાથી વધુ ઈમિગ્રન્ટ્સ છે. આગામી 10 વર્ષ સુધી અમેરિકન ઈકોનોમીના ગ્રોથ માટે ઈમિગ્રન્ટ્સ જ જવાબદાર હશે, બાકી સ્થાનિક અમેરિકનો આ તંત્રને ચલાવી શકે તેવી સ્થિતિમાં નથી. પરંતુ યુએસ પ્રેસિડન્ટ ચૂંટણીના ઉમેદવાર ટ્રમ્પ એવું માને છે કે અમેરિકાને ફરી પાવરફૂલ બનાવવું હોય તો બધા ઈમિગ્રન્ટ્સને બહાર કાઢી મૂકવા જોઈએ. 2022ની શરૂઆતથી અમેરિકામાં લગભગ 1.16 લાખ લોકો રેફ્યુજી તરીકે આવ્યા છે. યુક્રેન અને અફઘાનિસ્તાનના યુદ્ધમાંથી જીવ બચાવીને પણ લાખો લોકો આવ્યા છે. તેની સામે 55 લાખ લોકોને અમેરિકન બોર્ડર પર અને એરપોર્ટ પર પકડવામાં આવ્યા છે. તેમાંથી ઘણા લોકો અમેરિકામાં રહી શકતા નથી. બીજા ઘણા લોકોને બહુ ઓછી સરકારી સહાય મળે છે. અમેરિકાના ઘણા નાના ટાઉન અને શહેરોમાં વસતી ઘટી રહી હતી, પરંતુ ઈમિગ્રન્ટ્સના કારણે આ શહેરો ટકી ગયા છે. અમેરિકન પ્રમુખ જો બાઈડને ઈમિગ્રન્ટ્સ સામે હળવી નીતિ અપનાવી હતી અને વેનેઝુએલાથી આવેલા લોકોને ટેમ્પરરી સ્ટેટસ આપ્યું હતું જેના કારણે 4.72 લાખ લોકોને ફાયદો થયો હતો. આ લોકોને તાત્કાલિક વર્ક પરમિટ મળી જાય છે. ત્યાર પછી તેઓ કન્સ્ટ્રક્શન અને બીજા સેક્ટરમાં કામ પર લાગી જાય છે. ઘણા શરણાર્થીઓ પણ લીગલ વર્ક કરવા માટે મંજૂરી માગે છે.



## Gadgets ગુરૂ

### Samsung Galaxy A સિરીઝના બે સ્માર્ટફોન ભારતમાં લોન્ચ

સાઉથ કોરિયાની ટેક કંપની સેમસંગે 11 માર્ચે ભારતમાં સેમસંગ ગેલેક્સી A સીરીઝના બે સ્માર્ટફોન 'Samsung Galaxy A35' અને 'Samsung Galaxy A55' લોન્ચ કર્યો. સ્માર્ટફોનમાં 6.6 ઈંચની ફુલ HD+ AMOLED ડિસ્પ્લે, 5000mAh બેટરી અને 50MP ટ્રિપલ કેમેરા સેટઅપ હોઈ શકે છે. Galaxy A35ની પ્રારંભિક કિંમત 34,000 અને Galaxy A55ની કિંમત 43,000 હોઈ શકે છે.

- 6.6 ઈંચની ડિસ્પ્લે
- 120Hz રિફ્રેશ રેટ
- 50MP+8MP+5MP રિયર કેમેરા
- 13MP ફ્રન્ટ કેમેરા
- સેમસંગ એક્ઝીનોસ 1380 પ્રોસેસર
- એન્ડ્રોઈડ 14 OS
- 8GB+128GB રેમ અને સ્ટોરેજ
- 5000mAh; 18W બેટરી અને ચાર્જિંગ

# નાસાના જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપે બ્રહ્માંડની સૌથી જૂની ડેડ ગેલેક્સી શોધી, ખગોળશાસ્ત્રીઓ માટે કોયડો, નવાં સમીકરણ









## ખગોળશાસ્ત્રીઓ બ્રહ્માંડના અનેક વણઉકલ્યા રહસ્યો વિશે શોધ કરી શકે છે

■ કેલિફોર્નિયા

અનંત અને અજીબોગરીબ બ્રહ્માંડનાં રહસ્યોના અને આશ્ચર્યોનો તાગ મળી રહ્યો છે. અમેરિકાની અંતરિક્ષ સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)ના સૌથી આધુનિક જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપે (જે.ડબલ્યુ.એસ.ટી.) બ્રહ્માંડની સૌથી જૂની મૃતઃપ્રાય( ઓલ્ડેસ્ટ ડેડ ગેલેક્સી) આકાશગંગા શોધી છે. જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપે તેના અત્યાધુનિક ઈન્ફ્રારેડ કેમેરાથી અફાટ અંતરિક્ષમાં અતિ દૂર દૂર સુધી તેની ગરૂડ નજર કરીને-જેએડીઈએસ-જીએસ-ઝેડ૭-૦૧- ક્યુયુ-સંજ્ઞાા ધરાવતી ગેલેક્સી શોધી છે, જે અંતરિક્ષની સૌથી જૂની અને મૃતઃપ્રાય આકાશગંગા છે. ઈન્ફ્રારેડ કેમેરાની ક્ષમતા એટલી બધી હોય છે કે તે બ્રહ્માંડમાં અતિ અતિ દૂરના અંતરે ઘુમરાતાં વાયુનાં અને ધૂળનાં અતિ ઘટ્ટ વાદળોને પણ ભેદીને તેની પાછળ રહેલા તારા અને ગેલેક્સીને પણ શોધી શકે છે.

### બ્રહ્માંડની ઉંમર ૩થી ૧ કરોડ વર્ષ હોવાનો અંદાજ

અંતરિક્ષમાં બનેલી આ અજીબોગરીબ અને ભારે રહસ્યમય કહી શકાય તેવી ઘટના વિશે બ્રિટનની કેમ્બ્રિજ યુનિવર્સિટીની કાવલી ઈન્સ્ટિટયુટ ઓફ કોસ્મોલોજીના ખગોળશાસ્ત્રી ટોબીયાસ લુઝર અને તેની ટીમે નેચર જર્નલમાં સંશોધનપત્ર રજૂ કર્યું છે. ખગોળશાસ્ત્રી ટોબીયાસ લુઝર અને તેના સહયોગી ફ્રાન્સેસ્કો ડી યુજેનિયોએ તેમના સંશોધનપત્રમાં એમ પણ કહે છે કે અમને જે.ડબલ્યુ.એસ.ટી. દ્વારા જે કોઈ આંકડાકીય માહિતી મળી છે આ ગેલેક્સીમાં નવા તારાનો જન્મ થવાની પ્રક્રિયા બહુ જ થોડા સમયમાં અને તે પણ બહુ ઝડપથી થઈ હોવી જોઈએ.આમ છતાં કે બ્રહ્માંડની ઉંમર લગભગ ત્રણ(૩) થી નવ(૯) કરોડ વર્ષની હશે ત્યારે જેએડીઈએસ -જીએસ-ઝેડ૭-૦૧- ક્યુયુ- સંજ્ઞાા ધરાવતી આ ગેલેક્સીમાં નવા તારાના જન્મની કુદરતી પ્રક્રિયા બહુ જ ઝડપભેર થઈ હોય અને એટલી જ રહસ્યમય રીતે અટકી ગઈ હોય તે શક્ય છે.

# અમેરિકાની સરકારે એલિયન્સને સંતાડી રાખ્યા?

## પેન્ટાગોનનો અટકળોને સમાપ્ત કરતો જવાબ

■ વોશિંગ્ટન




અમેરિકામાં ઘણા લોકો એવુ માને છે કે, સરકારે પરગ્રહ પરથી આવેલા સજીવોના એટલે કે એલિયન્સના મૃતદેહોને કે એલિયન ટેકનોલોજીને સંતાડી રાખી છે. આ મુદ્દા પર સમયાંતરે ચર્ચાઓ છેડાતી રહે છે. જોકે અમેરિકાના સંરક્ષણ ડિપાર્ટમેન્ટ પેન્ટાગોને હવે ઓલ ડોમેન એનોમલી રિઝોલ્યુશન ઓફિસના એક તપાસ અહેવાલને જાહેર કર્યો છે અને ખુલાસો કર્યો છે કે, અમેરિકાની સરકારે કોઈ એલિયન કે તેની સાથે જોડાયેલી ટેકનોલોજીને છુપાવી રાખી નથી. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે, ઘણા દાયકાઓથી એવી વાયકા ચાલે છે કે, અમેરિકાની સરકારે એલિયન અંતરિક્ષ યાન તેમજ એલિયનને શોધ્યા છે. 1940થી આ પ્રકારની કહાનીઓની શરુઆત થઈ હતી અને ચર્ચા ચાલતી રહી છે કે, અમેરિકાની સરકાર ગુપ્ત રીતે એલિયન્સ અને તેમના અંતરિક્ષ યાન પર રિસર્ચ કરી રહી છે. સાથે સાથે ટીવી પર આવતા કાર્યક્રમો, પુસ્તકો, ફિલ્મો, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાએ લોકોની આ ધારણાને વધારે મજબૂત બનાવી છે.x

# સિંગર મેરી મિલબેને CAAના ભરપૂર વખાણ કર્યા, PM મોદીના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા હતા

## ■ અમેરિકાની મેરી મિલબેન હોલીવુડની પ્રખ્યાત એક્ટર-સિંગર છે

■ ન્યૂયોર્ક

લોકસભા ચૂંટણી 2024 પહેલા દેશમાં નાગરિકતા સંશોધન કાયદો (CAA) લાગુ કરી દેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના આ નવા કાયદાનું કેટલાક લોકો સ્વાગત કરી રહ્યા છે, તો કેટલાક લોકો એવા છે જેમણે CAAની આડમાં ભાજપ સરકાર પર નિશાન સાધી રહ્યા છે. આ લિસ્ટમાં ભોજપુરી સિંગર નેહા સિંહ રાઠોડનું નામ પણ સામેલ છે. આ દરમિયાન વિદેશની મશહુક અભિનેત્રી મેરી મિલબેને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ખૂબ પ્રશંસા કરી છે અને આ સાથે CAA કાયદાના પણ વખાણ કર્યા છે. ચાલો જાણીએ કે આ મેરી મિલબેન કોણ છે, જે તેની એક ટ્વીટને કારણે હાલમાં ખૂબ ચર્ચામાં આવી છે.

મેરી મિલબેન હોલીવુડની એક પ્રખ્યાત એક્ટર અને સિંગર છે. તે એક ખ્રિસ્તી પરિવારમાંથી આવે છે, તેમની માતા અલ્થિયા મિલબેન છે, જેમણે પેન્ટેકોસ્ટલ સંગીત પાદરી તરીકે પોતાની સેવાઓ આપી હતી. મેરીને ત્રણ બહેનો અને એક ભાઈ છે. મેરી મિલબેનને બાળપણથી જ ગાવાનો શોખ હતો. તેણે પાંચ વર્ષની ઉંમરમાં જ સિંગિંગમા કરિયર બનાવવાનું શરૂ કરી હતી. x સિંગરે તેનું પ્રાથમિક શિક્ષણ સિટી હાઈસ્કૂલમાંથી મેળવ્યું છે. મેરી મિલબેન એ સમયે ખૂબ ચર્ચામાં આવી, જ્યારે તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ચરણ સ્પર્શ કરીને તેમના આશીર્વાદ લીધા. આ વાત ત્યારની છે.



# US સંસદમાં બાઈડેને કહ્યું- વ્લાદીમીર પુતિન સામે ઝૂકીશું નહીં

## ટ્રમ્પની જેમ પ્રવાસીઓને રાક્ષસ માનતા નથી, દેશમાં ધર્મના આધારે પ્રતિબંધ લગાવાશે નહીં

■ વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને સ્ટેટ ઓફ ધ યુનિયનને સંબોધન કર્યું હતું. અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા બંને ગૃહોને આ તેમનું છેલ્લું સંબોધન હતું. આ દરમિયાન યુએસ કોંગ્રેસ (સંસદના બંને ગૃહો)ના સભ્યો ઉપરાંત સરકારના તમામ મહત્વપૂર્ણ વિભાગોના વડાઓ હાજર રહ્યા હતા. સંબોધનની શરૂઆત કરતાં બાઈડેને કહ્યું- આ સમયે સમગ્ર વિશ્વમાં સ્વતંત્રતા અને લોકશાહી વધુ જોખમમાં છે. જો કોઈ એવું વિચારે છે કે રશિયન રાષ્ટ્રપતિ પુતિન યુક્રેનમાંથી પીછેહઠ કરશે તો તે ભૂલભરેલું છે. હું પુતિનને કહેવા માંગુ છું કે અમે ક્યારેય યુક્રેનને છોડીશું નહીં અને અમે ક્યારેય રશિયા સામે ઝુકીશું નહીં. બાઈડેને સંસદમાં સંબોધન કરતા યુક્રેન માટે સહાય ચાલુ રાખવાની અપીલ કરી હતી.બાઈડેને કહ્યું- અમે અમારા સૈનિકોને યુક્રેન મોકલીશું નહીં. યુક્રેને અમારી પાસેથી હથિયારોના મામલે સૈન્ય મદદ માંગી છે.

### અમેરિકન સૈનિકો યુક્રેનના યુદ્ધમાં નહીં ઉતરે



પ્રવાસીઓ વિશે વાત કરતાં અમેરિકાના રાષ્ટ્રપતિએ કહ્યું- હું પ્રવાસીઓને ટ્રમ્પની જેમ રાક્ષસ માનતો નથી. તેમની જેમ હું નહીં કહું કે પ્રવાસીઓ અમેરિકાના લોહીમાં ઝેર ઘોળવાનું કામ કરતા હોય છે. હું ફક્ત તેમના ધર્મના આધારે લોકો પર પ્રતિબંધ નહીં લગાવું. અમેરિકા વિશ્વના દરેક ખૂણેથી આવેલા લોકો માટે સલામત સ્થળ છે. બાઈડેને કહ્યું- અમે અમારા સૈનિકોને યુક્રેન મોકલીશું નહીં. યુક્રેને અમારી પાસેથી હથિયારોના મામલે સૈન્ય મદદ માંગી છે, જેથી તે રશિયા સાથે મુકાબલો કરી શકે. ટ્રમ્પનું નામ લીધા વિના બાઈડને કહ્યું- પૂર્વ રાષ્ટ્રપતિએ રશિયાને નાટો દેશો વિરુદ્ધ મનસ્વી રીતે કામ કરવા માટે ઉશ્કેર્યું હતું. તેઓ પુતિન સમક્ષ ઝુકી ગયા હતા. આ પ્રકારનું નિવેદન અત્યંત જોખમી છે અને તેને સ્વીકારવામાં આવશે નહીં.

## અમેરિકાના વધુ એક સાંસદ ભારતીય પીએમના મુરીદ બન્યા

# અમેરિકાના સાંસદે કહ્યું- નરેન્દ્ર મોદી ફરીથી ભારતના પ્રધાનમંત્રી બનશે



### તેમના નેતૃત્વમાં ભારત આત્મવિશ્વાસ સાથે સતત આગળ વધી રહ્યું છે

■ ન્યૂયોર્ક

અમેરિકાના સાંસદ રિચ મેકકોર્મિકનું કહેવું છે કે PM નરેન્દ્ર મોદી ફરી એકવાર ભારતના વડાપ્રધાન બનશે. ન્યૂઝ એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું- મોદી ખૂબ જ લોકપ્રિય નેતા છે. તેમની પાર્ટી આગામી લોકસભાની ચૂંટણી જીતશે. હું ભારત ગયો હતો ત્યારે મોદી સાથે લંચ કર્યું હતું. પાર્ટીના સભ્યોમાં પણ તેમની લોકપ્રિયતા જોવા મળી હતી. જો કોઈ 70% લોકપ્રિય છે તો તે મોદી છે.

રિચ મેકકોર્મિકે કહ્યું- અર્થવ્યવસ્થા, વિકાસ, તમામ લોકો પ્રત્યેની સદ્ભાવના પ્રત્યે તેમનો દ્રષ્ટિકોણ વખાણવા લાયક છે. વિશ્વભરના વિદેશી ભારતીયોમાં પણ તેમને ખૂબ પસંદ કરવામાં આવે છે. તેઓ ભારતને જોવાનો વિશ્વનો દ્રષ્ટિકોણ બદલી નાખે છે. ભારતના વ્યૂહાત્મક સંબંધો અને વૈશ્વિક અર્થતંત્ર પર તેમની સકારાત્મક અસર છે.

મેકકોર્મિકે કહ્યું- ભારત આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે. મોદીના નેતૃત્વમાં ભારતની અર્થવ્યવસ્થા દર વર્ષે 6-8%ની વૃદ્ધિ કરી રહી છે. અન્ય દેશો સાથે કામ કરવાની તેમની તત્પરતાની પ્રશંસા થવી જોઈએ. તેમના નેતૃત્વમાં ભારત ખૂબ જ પ્રમાણિક લાગે છે. તેઓ ટેક્નોલોજીની ચોરી કરવા માટે નહીં પરંતુ તેને શેર કરવા માટે સંમત છે. તેઓ ભરોસો અપાવે છે જે ટેક્નોલોજી શેર કરવાનું સરળ બની જાય છે. અમેરિકાએ ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાની પ્રશંસા કરી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે અને ઘણા ધર્મોનું ઘર છે.

ખરેખરમાં, અમેરિકાને પૂછવામાં આવ્યું હતું કે શા માટે ભારતને 'વિશેષ ચિંતાના દેશો'ની યાદીમાં સામેલ કરવામાં આવ્યું નથી. તેના જવાબમાં યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના તત્કાલીન પ્રવક્તા નેડ પ્રાઈસે કહ્યું હતું કે ભારત ઘણા ધર્મોનું ઘર છે અને ભારતને વિશેષ ચિંતાના દેશો અથવા સ્પેશિયલ વોચ લિસ્ટમાં સામેલ કરી શકાય નહીં. બાઈડન વહીવટીતંત્ર તમામ લોકો માટે ધાર્મિક સ્વતંત્રતાના રક્ષણ માટે ભારતની પ્રતિબદ્ધતાને પ્રોત્સાહિત કરતા રહેશે. ચીની મીડિયાએ જાહેરમાં ભારતની પ્રશંસા કરી છે અને તેમને શક્તિશાળી દેશ ગણાવ્યો છે. સરકારી મીડિયા ગ્લોબલ ટાઈમ્સનું કહેવું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની આર્થિક અને વિદેશ નીતિમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. તે ઝડપથી આગળ વધી રહ્યો છે. સાથે જ પાકિસ્તાની મીડિયાએ પણ ભારતને શક્તિશાળી દેશ ગણાવ્યો છે.

## NEWS FILE

### CAA અમલી થતાં હિન્દુઓએ ઉત્સવ મનાવ્યો, લાંબા સમયનો ઈંતઝાર પૂરો થયો




ન્યૂયોર્ક : સીએએ (સીટીઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ) ભારતમાં અમલી થતાં અમેરિકા સ્થિત હિન્દુ સંગઠનોમાં આનંદની લહેરખી પ્રસરી છે. આ કાનુનથી ભારત બહારથી આવેલા (નિર્વાસિતો)માં મુસ્લિમો સિવાય દરેક મૂળ ભારતીયોને માટે ભારતની નાગરિકતા માટેનો માર્ગ સાફ થઈ ગયો છે. આ કાનુન અમલી બનતાં અમેરિકા સહિત દુનિયાભરમાં હિંદુ સંગઠનોએ આનંદ વ્યકત કર્યો છે. અમેરિકા સ્થિત હિન્દુ સંગઠનોના એક છત્ર નીચેના સમૂહના એક્ઝિક્યુટિવ ડાયરેકટર સુહાગ શુકલએ કહ્યું હતું કે જે કાનુનની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી તે લાગુ કરવાની જરૂર હતી જ. હવે તે કાયદો લાગુ થવાથી શરણાર્થીઓને સુરક્ષા મળશે. ઉલ્લેખનીય છે કે 2024ની ચૂંટણી પહેલા જ ભારતમાં સીએએ અમલી થઈ ચૂકયો છે. આ અંગે અમેરિકા સ્થિત હિન્દુ સંગઠનોએ કહ્યું હતું કે જેની લાંબા સમયથી રાહ જોવાતી હતી તે અમેરિકાના બોટિનબર્ગ એમેન્ડમેન્ટ સમાન બની રહ્યો છે.

**ભારતીયોને તેનાથી કોઈ અસર નહીં થાય:** અમેરિકા સ્થિત હિન્દુ-અમેરિકન ફેડરેશન દ્વારા પ્રસિદ્ધ કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ઘણીવાર સીએએ અંગે ખોટી માહિતી આપવામાં આવે છે. સીએએ કોઈ પણ ભારતીય નાગરિકની ભારતીયતા બદલતો નથી કે તે સામાન્ય નાગરિક માટે તપાસ કરવાનું પણ કહેતો નથી.

# અમેરિકામાં જો બાઈડેન-ડોનાલ્ડ ટ્રમ્પ ફરી સામ-સામે

### જો હું જીતીશ તો હિંસાના આરોપી, મારા સાથીઓને છોડી મૂકીશ: પૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ

■ વોશિંગ્ટન



નવેમ્બર 2024માં અમેરિકામાં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જો બાઇડન અને ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર આમને-સામને થશે. બંને પોતપોતાની પાર્ટીમાંથી રાષ્ટ્રપતિપદના ઉમેદવાર તરીકે ચૂંટાયા છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, બાઈડન અને ટ્રમ્પને પાર્ટી ડેલિગેટ્સનું સમર્થન મળ્યું છે. રિપબ્લિકન પાર્ટીના પ્રેસિડેન્શિયલ પદના ઉમેદવાર બનવા માટે ટ્રમ્પને 1,215 ડેલિગેટ્સનું સમર્થન જરૂરી હતું તેમજ બાઈડેનને ડેમોક્રેટિક પાર્ટી તરફથી ઉમેદવાર બનવા માટે કુલ 1,969 મતની જરૂર હતી. તેમને 2,107 મત મળ્યા હતા. ન્યૂઝ એજન્સી રોઈટર્સ અનુસાર, ઉમેદવારી જીત્યા બાદ બાઈડેને કહ્યું- મતદારો પાસે હવે આ દેશના ભવિષ્ય વિશે નિર્ણય લેવાનો વિકલ્પ છે. અમે લોકશાહીનું રક્ષણ કરીશું. અમે અમારી સ્વતંત્રતાને પસંદ કરવાનો અને બચાવ કરવાનો અધિકાર ફરીથી સ્થાપિત કરીશું. ઉગ્રવાદીઓ આ અધિકાર છીનવી શકશે નહીં.

# ચામાચીડિયા બાદ પોપટમાંથી ફેલાઈ રહી છે ગંભીર બીમારી

### WHOએ દુનિયામાં જાહેર કર્યું અલર્ટ, ગંભીર બીમારીથી અત્યાર સુધીમાં 5 લોકોના મોત થયા છે.

■ જીનિવા



વિશ્વભરમાં છેલ્લા 4 વર્ષ કરતા વધુ સમયથી કોરોનાનું જોખમ યથાવત છે. આ મહામારીએ સ્વાસ્થ્યને અનેક પ્રકારનું નુકશાન પહોંચાડ્યુ છે. વેક્સિનેશન અને હર્ડ ઈમ્યુનિટિના કારણે કોરોનાના ગંભીર રોગનું જોખમ હવે ઘણી હદ સુધી ઘટી ગયું છે પરંતુ આરોગ્ય નિષ્ણાતો તમામ લોકોને આ ચેપી રોગ અંગે સાવચેતી રાખવાની સલાહ આપે છે. કોરોનાના જોખમથી હજુ સંપૂર્ણ રીતે રાહત પણ નહોતી મળી ત્યાં હવે યુરોપીય દેશોમાં હાલમાં વધુ એક ચેપી રોગ તબાહી મચાવી રહ્યો છે. આ બીમારી માટે પણ એક પક્ષીને જ કારણ માનવામાં આવી રહ્યું છે. જોકે, આ વખતે આ બીમારીનું કારણ ચામાચીડિયુ નથી. તાજેતરના રીપોર્ટ પ્રમાણે યુરોપના અનેક દેશોમાં પેરટ ફીવરનો પ્રકોપ જોવા મળી રહ્યો છે અને આ ગંભીર બીમારીના કારણે 5 લોકોના મોત પણ થઈ ચૂક્યા છે. આ બીમારીનો શિકાર બનેલા ડેનમાર્કમાં 4 અને નેધરલેન્ડમાં 1 વ્યક્તિનું મોત થઈ ચૂક્યુ છે.

### લેડી ગેંગે 66 કરોડની કોસ્મેટિક્સની ચોરી કરી




વોશિંગ્ટન: અમેરિકાની પોલીસે મેક-અપના સામાનની ચોરી કરતી લેડી ગેંગની લીડરની ધરપકડ કરી છે. પોલીસે કહ્યું- 53 વર્ષીય મિશેલ મેક, જે ત્રણ બાળકોની માતા છે, તેણે 66 કરોડ રૂપિયાના કોસ્મેટિક્સની ચોરી કરી અને પછી તેને ઓનલાઈન શોપિંગ સાઈટ એમેઝોન પર વેચી દીધી છે. પોલીસના જણાવ્યા અનુસાર, મિશેલે ચોરીને અંજામ આપવા માટે 12 છોકરીઓને હાયર કરી હતી. આ તમામ છોકરીઓ સેફોરા, લેન્સ ક્રાફ્ટર, અલ્ટા, ટીજે મેક્સ, વોલગ્રીન્સ જેવા લક્ઝરી કોસ્મેટિક્સ સ્ટોરમાં જતા હતા અને મેક-અપની વસ્તુઓની ચોરી કરતી હતી. આ પછી મિશેલ આ સામાનને ડિસ્કાઉન્ટ પર ઓનલાઈન વેચી દેતી હતી.

# નાસા યુરોપા ક્લિપર મિશન સાથે હિન્દીમાં સાંકેતિક જળ શબ્દ મોકલશે

### અવકાશયાન પરની પ્લેટ પર વિશ્વની 103 ભાષામાં વોટર શબ્દ કોતરાયેલા હશે

■ વોશિંગ્ટન

અમેરિકાની અંતરિક્ષ સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન(નાસા) સૂર્ય મંડળના સૌથી મહાકાય ગુરુ ગ્રહના યુરોપા નામના ઉપગ્રહ પર હિન્દી ભાષામાં સાંકેતિક સંદેશો મોકલશે. હિન્દીનો આ સંદેશો નાસાના યુરોપા ક્લિપર મિશન સાથે મોકલવામાં આવશે. હિન્દીમાં લખાયેલો સાંકેતિક સંદેશો ૭ બાય ૧૧ ઈંચની બનેલી ટેન્ટલમ નામની ધાતુની ખાસ પ્રકારે બનાવેલી પ્લેટ પર કોતરાયેલો છે. ધાતુની આ પ્લેટ નાસાના યુરોપા ક્લિપર મિશન પર લગાડવામાં આવી છે. યુરોપા ક્લિપર મિશન (અવકાશયાન) ૨૦૨૪ના ઓક્ટોબરમાં યુરોપા ઉપગ્રહના વિશિષ્ટ પ્રકારના સંશોધન માટે રવાના થશે. યુરોપા ક્લિપર મિશનનો મૂળ હેતુ ગુરુ ગ્રહના મોટા કદના ઉપગ્રહ યુરોપાના ભૂગર્ભમાં ભવિષ્યમાં જીવ સૃષ્ટિ પાંગરવાની શક્યતા છે કે કેમ તે વિશે સંશોધન કરવાનો છે.

### ગુરુ ગ્રહ પર જીવન છે કે નહીં તેની તપાસ કરશે



નાસાનાં સૂત્રોએ એવી માહિતી આપી છે કે અમે યુરોપા ક્લિપર મિશન સાથે હિન્દી સહિત વિશ્વની ૧૦૩ ભાષામાં વોટર (જળ-પાણી) શબ્દ લખાયેલો સંદેશો મોકલીશું. આવા સંદેશા વિશ્વભરમાંથી એકઠા કરાયેલા છે. વિશ્વના નિષ્ણાત ખગોળ શાસ્ત્રીઓના બહોળા સંશોધન અને અભ્યાસના આધારે જાણવા મળ્યું છે કે યુરોપા ઉપગ્રહ સિલિકેટ રોક (ખડકો)નો બનેલો છે. સિલિકેટના આ જ ખડકો સાથે બરફનો પણ વિપુલ જથ્થો છે. બરફની ખડકાળ સપાટી નીચે વિશાળ મહાસાગર હોવાના મજબૂત પુરાવા પણ મળ્યા છે. આ પુરાવા મુજબ યુરોપાના ભૂગર્ભમાંના આ મહાસાગરની જળ રાશિ પૃથ્વી પરના તમામ મહાસાગરોની જળ રાશિ કરતાં પણ બમણી છે. આ પ્રકારના સંદેશાની ઓડિયો ફાઈલ્સનું ઉપાંતર વેવ ફોર્મ્સમાં કરવામાં આવ્યું છે. આ જ વેવ ફોર્મ્સ અમેરિકન સાઈન લેન્ગ્વેજમાં વોટર(જળ-પાણી) એવા શબ્દના પ્રતીકરૂપે રજૂ થશે.

### કોંગ્રેસે ગુજરાતના 7 ઉમેદવાર જાહેર કર્યા

# કચ્છ, અમદાવાદ વેસ્ટ અને બારડોલીમાં કોંગ્રેસના ચહેરાએ લોકોને ચોંકાવી દીધા

## 2 ધારાસભ્ય- 2 પૂર્વ ધારાસભ્ય પણ મેદાનમાં

■ ગાંધીનગર

લોકસભાની ચૂંટણી મેદાને ઉતારવા ભાજપ-કોંગ્રેસે મૂરતિયા પસંદ કરવાની કવાયત જારી રાખી છે. ભાજપે ગુજરાતમાં 22 બેઠકો પર ઉમેદવારોના નામોની ઘોષણા કરી દીધી છે. આજકાલમાં જ અન્ય 4 ઉમેદવારોના નામો જાહેર થઈ શકે છે. ત્યારે કોંગ્રેસ હાઈકમાન્ડે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી જેમાં ગુજરાત કોંગ્રેસના સાત ઉમેદવારોના નામો જાહેર કરાયા હતાં. હાઈકમાન્ડે ગુજરાત કોંગ્રેસના બે વર્તમાન ધારાસભ્ય ગેનીબેન ઠાકોર અને અનંત પટેલ ઉપરાંત એક પૂર્વ ધારાસભ્ય લલિત વસોયા, ભરત મકવાણાને ચૂંટણી મેદાને ઉતાર્યા છે. આ ઉપરાંત અન્ય ચાર બેઠક પર નવા-યુવા ચહેરાને ટિકિટ આપવામાં આવી છે. જે રીતે ઉમેદવારોની પસંદગી કરાઈ છે તે જોતાં ગુજરાત કોંગ્રેસમાં ઉમેદવારોના ય ફાંફા હોય તેવુ ચિત્ર ખડુ થયુ છે.

### બનાસકાંઠા બેઠક પર બે મહિલા ઉમેદવારો વચ્ચે જંગ જામશે

કોંગ્રેસ હાઈકમાન્ડે બીજી યાદીમાં કુલ 43 ઉમેદવારોના નામોની જાહેરાત કરી હતી જેમાં ગુજરાત કોંગ્રેસના સાત ઉમેદવારોનો સમાવેશ છે. વાવ વિધાનસભા બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરને બનાસકાંઠા બેઠક પર ટિકિટ આપવામાં આવી છે. હવે બનાસકાંઠા બેઠક પર બે મહિલા ઉમેદવારો વચ્ચે જંગ જામશે કેમકે, આ બેઠક પર ભાજપે રેખા ચૌધરીને મેદાને ઉતાર્યા છે. આ જોતા કશ્મકશનો જંગ ખેલાય તેવી સંભાવના છે.





### પોરબંદર બેઠક પર કોંગ્રેસ હાઈકમાન્ડે પાટીદાર ચહેરાને ટિકિટ આપવાનું પસંદ કર્યું

પાટીદાર આંદોલનનો ચહેરો ગણાતાં પૂર્વ ધારાસભ્ય લલિત વસોયા પોરબંદર બેઠક પર ચૂંટણી લડશે. ભાજપે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાને ટિકિટ આપી છે તે જોતાં કોંગ્રેસ હાઈકમાન્ડે પણ પાટીદાર ચહેરા તરીકે લલિત વસોયાને ટિકિટ આપવાનુ પસંદ કર્યુ છે. જોકે, આ બેઠક પર અર્જુન મોઢવાડિયાએ રાજીનામુ આપ્યુ છે અને કેસરિયો ખેસ ધારણ કર્યો છે. એટલે કોંગ્રેસ માટે કપરાં ચઢાણ છે. બારડોલી બેઠક પર ભાજી ધારાસભ્ય અમરસિંહ. ઝેડ.ચૌધરીના પુત્ર સિધ્ધાર્થ ચેધરીને ટિકિટ અપાઈ છે. તપી જીલ્લા પંચાયતના સભ્ય, સુમુલ ડેરી અને એપીએમસીના ડીરેક્ટર સિધ્ધાર્થ ચૌધરીની પસંદગી થતા યુવા કાર્યકરોમાં ઉત્સાહ છવાયો છે.

### અમદાવાદ પૂર્વમાં રોહન ગુપ્તાને ચૂંટણી ચૂંટણી લડાવવાનું નક્કી કરાયુ

આ તરફ, અમદાવાદ પૂર્વમાં યુવાa ચહેરો અને એઆઈસીસીના રાષ્ટ્રીય પ્રવક્તા રોહન ગુપ્તાને ચૂંટણી લડાવવાનુ નક્કી કરાયુ છે. પૂર્વ સંસદીય સચીવ રાજકુમાર ગુપ્તાના પુત્ર રોહન ગુપ્તાનો સામને હવે કોની સામે થશે તે એકાદ બે દિવસમાં નક્કી થશે. આ ઉપરાંત અમદાવાદ પશ્ચિમ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે પૂર્વ ધારાસભ્ય ભરત મકવાણાની પસંદગી કરાઈ છે. તેઓ વર્ષ 1998માં સોજીત્રા બેઠક પર ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતાં. જયારે કચ્છ બેઠક પર કચ્છ જીલ્લા કોંગ્રેસ સમિતીના પ્રમુખ નિતેશ લાલને ટિકિટ અપાઈ છે. લાલનનો ભાજપના સાંસદ વિનોદ ચાવડા સામે મુકાબલો થશે. હવે દિલ્હીમાં 15મી માર્ચે કોંગ્રેસના કેન્દ્રીય પાલૉમેન્ટરી કમિટીની બેઠક મળનાર છે જેમાં ત્રીજી યાદીના ઉમેદવારોને લઈને ચર્ચા થશે. હજુ ગુજરાતના 15 ઉમેદવારોના નામો જાહેર થવાના બાકી છે.

### હારના ડરથી કોંગ્રેસના સિનિયર નેતાઓએ ચૂંટણી લડવાની ઘસીને ના પાડી

ગુજરાત કોંગ્રેસમાં એક સાંધે ત્યાં તેર સાધવા પડે તેવી દશા છે ત્યારે લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારોના ફાંફા છે ત્યારે હારના ડરથી ઘણાં સિનિયર કોંગ્રેસી નેતાઓએ તો હાઈકમાન્ડને સામે ચાલીને ચૂંટણી લડવા ઘસીને ના પાડી દીધી છે. પાટણ બેઠક પર જગદીશ ઠાકોરે ચૂંટણી લડવાની ના પાડી ત્યાં ટ્વિટ કરીને ભરતસિંહ સોલંકીએ પણ ચૂંટણી લડવાનો ઈન્કાર કર્યો હતો. વર્તમાન રાજકીય સ્થિતીને જોતાં કોંગ્રેસના સિનિયર નેતાઓને ચૂંટણી લડવાનો નશો ઉતરી ચૂક્યો છે.

# ભાજપની બીજી યાદી જાહેર, 2 ઉમેદવારો રિપીટ

### 11 મહિના પહેલા પક્ષ છોડી ફરી આવેલા જસુ રાઠવાને ટિકિટ

■ ગાંધીનગર

ભાજપે બીજી યાદીમાં ગુજરાતના 7 ઉમેદવારો જાહેર કર્યા છે. જેમાં 2 ચહેરા વડોદરાથી રંજન ભટ્ટ અને અમદાવાદ પૂર્વથી હસમુખ પટેલને રિપીટ કર્યા છે. જ્યારે 5 સિટીંગ સાંસદોના પત્તા કાપ્યા છે. જેમાં સુરતથી દર્શના જરદોષ, ભાવનગરથી ભારતીબેન શિયાળ, વલસાડથી કે.સી.પટેલ, સાબરકાંઠાથી દીપસિંહ રાઠોડ અને છોટા ઉદેપુરથી ગીતાબેન રાઠવાની ટિકીટ કપાઈ છે. તેમના સ્થાને સુરતમાં મુકેશ દલાલ, વલસાડમાં ધવલ પટેલ, ભાવનગરમાં નિમુબેન બાંભણીયા, સાબરકાંઠામાં ભીખાજી ઠાકોર અને છોટા ઉદેપુરમાં જસુ રાઠવાને ટિકિટ અપાઈ છે. જસુ રાઠવાએ 11 મહિના પહેલા જ ભાજપમાંથી રાજીનામું આપ્યું હતું. જેના પછી તેઓ પક્ષમાં ફરી સક્રિય થયા હતા.





## NEWS FILE

### AMTSએ શહેરમાં 3 નવી ડબલ ડેકર એસી બસ શરૂ કરી



અમદાવાદઃ અમદાવાદમાં 30થી વધુ વર્ષ બાદ AMTS દ્વારા ડબલ ડેકર બસ દોડાવવામાં આવી રહી છે. લાલદરવાજાથી શીલજ, નરોડાથી લાંભા સર્કલ અને સારંગપુરથી સિંગરવા ગામ સુધી ડબલ ડેકર એસી બસની શરૂઆત કરવામાં આવી છે. મેયર પ્રતિભા જૈન સહિત ભાજપનાં નેતાઓ દ્વારા શહેરના લાલ દરવાજા, નરોડા અને ઓઢવ વિસ્તારમાં ડબલ ડેકર એસી બસને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. કુલ સાતમાંથી હવે 4 રૂટ ઉપર ડબલ ડેકર બસ દોડશે. બાકીના ત્રણ રુટ ઉપર પણ ટૂંક સમયમાં બસો દોડાવવામાં આવશે.પહેલા રૂટ પરની બસને લોકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે.

### 472 PSI સહિત 12472 પોલીસકર્મીની ભરતી કરાશે

અમદાવાદઃ લોકસભા ચૂંટણી પહેલાં રાજ્ય સરકાર એક બાદ એક નિર્ણયો લઈ રહી છે. આ નિર્ણયો અંતર્ગત આજે પોલીસબેડમાં મોટી ભરતી કરવાની જાહેરાત કરી દીધી છે. ગુજરાત પોલીસ દળમાં પો.સ.ઈ. કેડરની બિનહથિયારી પોલીસ સબ-ઈન્સ્પેક્ટર તથા લોકરક્ષક કેડરની બિનહથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલ (એસ.આર.પી.એફ.) અને જેલ સિપાઈ વર્ગ-3 સંવર્ગની કુલ 12472 ખાલી જગ્યા પર સીધી ભરતી કરવામાં આવશે.

### કોંગ્રેસમાં લોકસભા લડે તેવા ઉમેદવારો નથીઃ નારણ રાઠવા



વડોદરાઃ લોકસભાની ચૂંટણીને લઈ તમામ પક્ષોએ તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે વડોદરા જિલ્લા ભાજપા કાર્યાલય વંદે કમલમનું આજે પ્રદેશ અધ્યક્ષની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તાજેતરમાં ભાજપમાં જોડાયેલા નારણ રાઠવાએ મોટું નિવેદન આપ્યું છે. નારણ રાઠવાએ જણાવ્યું હતું કે, હાલમાં કોંગ્રેસ પાર્ટીમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલી રહી છે. કોંગ્રેસના જે લોકસભા લડે તેવા ઉમેદવારો આજની તારીખમાં રહ્યા નથી. હાલમાં સુખરામભાઈ રાઠવા ઉમેદવાર તરીકે છે. અમે પાર્ટીના સંગઠનને મજબૂત કરવાના પ્રયાસો કરીશું.

# પ્રધાનમંત્રી મોદીએ સેમિકન્ડક્ટર પ્લાન્ટનું વર્ચ્યુઅલ ભૂમિપૂજન કર્યું

### ધોલેરા દેશનું પ્રથમ કોમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબ હશે

■ અમદાવાદ

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ધોલેરામાં સેમિકન્ડક્ટર પ્લાન્ટનું વર્ચ્યુઅલ ભૂમિપૂજન કર્યું હતું. ધોલેરા 91 હજાર કરોડનું દેશનું પ્રથમ કોમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબ હશે. મોદીએ જણાવ્યું હતું કે હવે ભારત ચોથી ઔદ્યોગિક ક્રાંતિનું નેતૃત્વ કરશે. કેન્દ્રીય કેબિનેટે 29 ફેબ્રુઆરી ચિપ પ્લાન્ટ માટે ત્રણ દરખાસ્તને મંજૂરી આપી છે. આ ત્રણેય પ્લાન્ટને ‘ડેવલપમેન્ટ ઓફ સેમિકન્ડક્ટર્સ એન્ડ ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ ઈન ઈન્ડિયા’ હેઠળ મંજૂરી આપવામાં આવી છે. ત્રણ પ્લાન્ટમાંથી બે ગુજરાતમાં અને એક આસામમાં બનાવવામાં આવશે. આ ત્રણ ચિપ પ્લાન્ટની અંદાજિત કિંમત 1.26 લાખ કરોડ રૂપિયા છે. ટાટા ગ્રુપ સંયુક્ત સાહસમાં બે પ્લાન્ટ બનાવશે. ધોલેરામાં માઈક્રોનના સેમિકન્ડક્ટર પ્લાન્ટ બાદ અહીં ફેબ્રિકેશન પ્લાન્ટ બનાવવામાં આવશે. અમેરિકન ચિપ કંપની માઈક્રોન ધોલેરામાં રૂ. 22,516 કરોડના ખર્ચે ચિપ એસેમ્બ્લી પ્લાન્ટ બનાવી રહી છે.






**21મી સદી ટેકનોલોજીની સદી છે** નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ભારત ગ્લોબલ સપ્લાય ચેઈનની મજબૂતી માટે કામ કરે છે. 21મી સદી ટેક્નોલોજીની સદી છે. મેડ ઈન ઈન્ડિયા ચિપ ભારતને આત્મનિર્ભર બનાવશે. હવે ભારત ચોથી ઔદ્યોગિક ક્રાંતિનું નેતૃત્વ કરશે. ઔદ્યોગિક ક્રાંતિ સમયે ભારત અનેક કારણોસર પાછળ હતું. અમે 2 વર્ષ પહેલાં સેમિકન્ડક્ટરનું મિશન શરૂ કર્યું હતું.

સરકારી જમીન પર ઓરડીઓ બનાવી તેને બારોબાર વેચી મારી

# ભાજપ કોર્પોરેટરનાં પતિનું વધુ એક કૌભાંડ પાર્ટીએ તેમને 6 વર્ષ માટે સસ્પેન્ડ કર્યા

## રાજકોટમાં લાલપરી રાંદડા તળાવની સરકારી જમીનમાં ઓરડી બનાવી ભાડે આપ્યાની ચર્ચા

■ રાજકોટ

રાજકોટનાં લાલપરી રાંદડા તળાવ નજીકની સરકારી જમીન પર ઓરડીઓ બનાવી ભાડે આપવાનું કૌભાંડ સામે આવ્યું છે. જેમાં રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટર વજીબેન ગોલતરના પતિ કવા ગોલતરનું નામ ચર્ચામાં આવ્યું છે. ત્યારે આ મામલે કોંગ્રેસ પણ મેદાને આવી છે અને કોંગ્રેસના આગેવાનો દ્વારા ભાજપ સરકાર પર ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હતા. તેમજ કૌભાંડમાં સામેલ ભાજપનાં નગર સેવક સામે કડક પગલાં લેવાની માંગ કરવામાં આવી છે. સમગ્ર મામલે મ્યુ. કમિશ્નરે આ અંગે તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જણાવી રિપોર્ટ આવ્યા બાદ જવાબદારો સામે નિયમ મુજબ પગલાં લેવાની ખાતરી આપી હતી. ઉલ્લેખનિય છે કે, આવાસ કૌભાંડમાં કવા ગોલતરનું નામ સામે આવતા તેમની કોર્પોરેટ પત્ની વજીબેન ગોલતર અને અન્ય વોર્ડ નં. 6ના કોર્પોરેટર દેવુબેન જાદવની ભાજપે પાર્ટીમાંથી હકાલપટ્ટી કરી છે.

**કોર્પોરેટરને ડિસક્વોલિફાય કરવામાં આવે: અતુલ રાજાણી** શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે, વોર્ડ નંબર 5નાં ભાજપના કોર્પોરેટર વજીબેન ગોલતર દ્વારા અગાઉ આવાસમાં કૌભાંડ કરાયું હતું. ત્યારે હવે તેમણે સરકારી જમીનમાં ઓરડીઓ બનાવી ભાડે આપી હોવાનું સામે આવ્યું છે. ત્યારે અમારી સ્પષ્ટ માંગ છે કે, આ કોર્પોરેટરને સસ્પેન્ડ કરી ડિસક્વોલિફાય કરવામાં આવે. આ વિસ્તારનાં લોકો દ્વારા પણ અમને વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી.

### કોંગ્રેસ મેદાને આવતા મ્યુ. કમિશ્નરે તપાસની ખાતરી આપી



## સરકારી જગ્યામાં 350 ઓરડીઓ બનાવી નાખી

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ શહેરનાં લાલપરી રાંદડા તળાવ નજીક સરકારી જમીન પર ઓરડીઓ બનાવી ભાડે આપવાનું કૌભાંડ સામે આવ્યું છે. ત્યારે આ મુદ્દે આવાસ કૌભાંડમાં સામેલ તેમજ ભાજપનાં કોર્પોરેટર વજીબેન ગોલતરનાં પતિ કવા ગોલતરનું નામ સામે આવ્યું છે. કવા ગોલતરે સરકારી જગ્યામાં 350 જેટલી ઓરડીઓ બનાવી હોવાનું અને તે પૈકી 100 ઓરડીઓ 2થી 4 લાખ રૂપિયામાં વેંચી નાખીને બાકીની ઓરડીઓ માટે 2થી 3 હજાર રૂપિયામાં ભાડે આપી હોવાનું સામે આવ્યું હતું.

## આ બાબત સાચી હોય તો ખૂબ જ ગંભીર છે: કમિશનર

સમગ્ર મામલે મ્યુ. કમિશનર આનંદ પટેલે જણાવ્યું હતું કે, આ મામલે તપાસ કરવા અધિકારીઓને આદેશ આપવામાં આવ્યા છે. જેમાં ખોટી રીતે સરકારી જમીનો પર દબાણ કરવામાં આવ્યું હશે તો દૂર કરવામાં આવશે. સ્લમ હોવું અને ભાડાના હેતુંથી આપવામાં આવ્યું તે બન્ને અલગ બાબતો છે. રાજકોટ શહેરમાં સ્લમ સર્વે મુજબ 135 સ્લમ વિસ્તારો આવેલા છે. સ્લમ રિ-ડેવલપમેન્ટ હેઠળ સાચા મકાનો છે, તેમને આવાસ આપવામાં આવે છે. જો કે, સરકારી જગ્યામાં ઓરડી બનાવીને ભાડે આપી દીધી હોવાનું જાણવાં મળ્યું છે. આ બાબત સાચી હોય તો તે ખૂબ જ ગંભીર કહી શકાય. ત્યારે તપાસમાં જે કોઈ દ્વારા આવું કરાયું હશે.

## પહેલા પ્રશ્નો હલ કરો પછી ચૂંટણી લડજો: ગાયત્રીબા

પ્રદેશ મહિલા કોંગ્રેસનાં અધ્યક્ષ ગાયત્રીબા વાઘેલાએ આ અંગે જણાવ્યું હતું કે, ભાજપના શાસકોએ ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવું જોઈએ. ગરીબોના આવાસો બાબતે તેમના કોર્પોરેટરોએ કૌભાંડો કર્યા છે, છતાં હાલ મોટા નેતાઓ ચૂપ બેઠા છે. હું ભાઉને ઉપરાંત રૂપાલા સાહેબને પણ કહેવા માંગીશ કે, આ પ્રશ્નો હલ કરો પછી ચૂંટણી લડજો. આવાસ કૌભાંડની



જેમ સરકારી જમીનોમાં દબાણ કરી નાની-નાની ઓરડીઓ બનાવીને ભાજપનાં વિવાદિત નેતાઓ ભાડાની આવક મેળવી રહ્યા હોવાનું પણ સામે આવ્યું છે. સામાન્ય માણસ તેની જરૂરિયાત માટે નાની જમીન ઉપર કબજો કરે તો પણ લેન્ડ ગ્રેબિંગ હેઠળ કાર્યવાહી કરવામાં આવતી હોય છે. ત્યારે સરકારી જમીનમાં દબાણ કરનારાઓ સામે પણ કડક કાર્યવાહી કરવા આજે મ્યુ. કમિશ્નરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે.

# આઈસક્રીમ વેફલ કોર્ન મેકિંગ પ્લાન્ટની ભેટ આપી

## CR પાટીલ અને અધ્યક્ષ શંકર ચૌધરીના હસ્તે પ્લાન્ટનું ઉદ્ઘાટન

■ બારડોલી

સુરતના નવી પારડી ખાતે સુમુલ ડેરી દ્વારા અમૂલ આઈસ્ક્રીમ પ્લાન્ટનું વિસ્તૃતીકરણ અને આસ્ક્રીમ વેફલ કોર્ન મેકિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ તેમજ વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના હસ્તે પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના હસ્તે પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. યોજાયેલા કાર્યક્રમમાં સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા, નાણામંત્રી કનુ દેસાઈ, વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલ, આદિજાતિ વિકાસ મંત્રી કુંવરજી હળપતિ, શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયા સહિત સુમુલ ડેરીના ચેરમેન માનસિંહ પટેલ, સુમુલ ડેરીના ડિરેક્ટરો તેમજ મોટી સંખ્યામાં સભાસદો હાજર રહ્યા હતા.



## NEWS FILE

### સુરતના ઉમેદવાર જાહેર, દર્શના જરદોશનું પત્તું કપાયું



સુરતઃ સુરત બેઠક ભાજપની ગુજરાતમાં સૌથી સુરક્ષિત ગણાતી બેઠકો પૈકી એક છે. વર્ષોથી સુરતમાં ભગવો લહેરાતો રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીનું સુરત શહેરમાં સંગઠન ખૂબ જ મજબૂત હોવાને કારણે કોર્પોરેશનથી લઈને લોકસભા સુધી ભાજપ હંમેશા વિજય રહેતી આવી છે. ભાજપ દ્વારા જે પહેલી યાદી જાહેર કરવામાં આવી હતી તેમાં સુરત શહેરના ઉમેદવારનું નામ જાહેર કરવામાં આવ્યું ન હતું. આખરે સત્તાવાર રીતે મુકેશ દલાલને ભારતીય જનતા પાર્ટીએ લોકસભાના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. સુરત લોકસભા બેઠક હંમેશા મૂળ સુરતીને આપવાનો આગ્રહ રાખવામાં આવતો હોય છે.

### કોંગ્રેસના પૂર્વ MLA અરવિંદ લાડાણીના કેસરિયા

જૂનાગઢ: લોકસભાની ચૂંટણીઓને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ગમે ત્યારે ચૂંટણીઓની જાહેરાત થઈ શકે છે. ત્યારે ગુજરાતમાં પક્ષ પલટાની સિઝન શરૂ થઈ ગઈ છે. થોડા દિવસો અગાઉ જ માણાવદર કોંગ્રેસના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામુ આપ્યું હતું. જેઓ ભાજપમાં જોડાયા છે. જૂનાગઢ જિલ્લાના વંથલી માર્કેટિંગ યાર્ડ ખાતે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓનું સંમેલન યોજાયું હતું. જેમાં માણાવદરના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અરવિંદ લડાણીએ સીઆર પાટીલના હસ્તે ભાજપનો ખેસ ધારણ કર્યો હતો.

### રાજકોટથી ઉત્તરાખંડના લાલકુઆં વચ્ચે સ્પેશિયલ ટ્રેન



રાજકોટઃ પશ્ચિમ રેલવે મુસાફરોની સુવિધા માટે તેમજ હોળીના તહેવાર દરમિયાન તેમની મુસાફરીની માગને પહોંચી વળવા માટે, રાજકોટ-લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવશે. રાજકોટ-લાલકુઆં વચ્ચે ખાસ ભાડા પર હોળી સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવનાર છે. જેમાં સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ રહેશે. ટ્રેન નંબર 05046/05045 રાજકોટ-લાલકુઆં હોળી સ્પેશિયલ ટ્રેનની (4 ટ્રીપ) દોડાવવામાં આવનાર છે. આજથી આ ટ્રેનની ટિકિટોનું બૂકિંગ શરૂ કરાયું છે. આ ખાસ ટ્રેનમાં સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

# તક્ષશિલા આગકાંડ બાદ પણ તંત્રની આંખે પાટા!

સુરતની 207 સ્કૂલમાંથી 187 પાસે ફાયર NOC નથી ક્યારે તંત્ર કાર્યવાહી કરશે?

## HCના આદેશનાં બે વર્ષ બાદ પણ શાસકોનું પ્રોસેસ પૂર્ણ થયાનું રટણ

■ સુરત

24 મે, 2019ના રોજ, સુરતના સરથાણા વિસ્તારમાં તક્ષશિલા આર્કેડમાં આગ ફાટી નીકળી હતી. જેમાં 22 વિદ્યાર્થીના મોત નીપજ્યાં હતા. જે ઘટના બાદ તંત્ર આંખ આડા કાન કરીને બેઠી છે. કેમ કે, સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની 207 સ્કૂલમાંથી 187 પાસે ફાયર NOC જ નથી. ગુજરાતની તમામ ખાનગી તેમજ સરકારી સ્કૂલ-કોલેજોમાં ફાયર NOC બાબતની કામગીરી 31 જાન્યુઆરી, 2022 પહેલા પૂર્ણ કરવા માટે હાઈકોર્ટે આદેશ આપ્યો હતો. જેના બે વર્ષથી વધુનો સમય વિત્યા છતાં મોટાભાગની સ્કૂલો પાસે ફાયર NOC નથી, જે અતિગંભીર બાબત છે. અહીં સવાલ એ થાય છે કે, શું તંત્ર સુરતની તક્ષશિલા અને વડોદરાની હરણી બોટકાંડ જેવી દુર્ઘટના બાદ જાગશે? જેથી કરીને આગ લાગે તે પહેલા જ તેને રોકી શકાય છે. કેટલીક સ્કૂલોમાં બાંધકામ કરવાનું હોવાથી 10% જેટલી સ્કૂલોમાં હજી કામગીરી બાકી છે.

### NOCની કામગીરી બે વર્ષ પહેલા પૂર્ણ કરવાની હતી



ગુજરાતની તમામ ખાનગી તેમજ સરકારી સ્કૂલ-કોલેજોમાં ફાયર NOC બાબતની કામગીરી પૂર્ણ કરવાની છેલ્લી તારીખ (31 જાન્યુઆરી, 2022) બે વર્ષ પહેલાં પૂર્ણ થઈ છે. મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની 207 સ્કૂલમાંથી અંદાજે 187 જેટલા સ્કૂલના મકાનો પાસે ફાયર NOC નથી. સ્કૂલ સેફટી પોલિસી-2016 મુજબ સ્કૂલ સુરક્ષા સાથે જોડાયેલી ગંભીર બાબતોનો ચેક-લીસ્ટ સાથેનો અહેવાલ દર 3 મહિને તમામ સ્કૂલોએ MHRD દિલ્હી મારફતે સુપ્રિમ કોર્ટને મોકલવાનો હોય છે. આ અહેવાલમાં પણ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ખોટી માહિતી ભરવામાં આવી હોવાનો આક્ષેપ AAPના સભ્યએ કર્યો છે. શિક્ષણ સમિતિએ મોકલેલા છેલ્લા 6 મહિનાના રિપોર્ટ પર નજર નાખીએ તો જણાઈ આવે છે કે શિક્ષણ સમિતિએ સ્કૂલ સુરક્ષા બાબતે કશું કામ જ કર્યું નથી.

# તુલસીના બધા સ્વપ્નો મમતાની એક જ ના માત્રથી તૂટી ગયા ને તે રડી પડી



## ઋણાનુબંધ

ભાવના પટેલ

**નવલકથા - પ્રકરણ - 24**

'સમજી ગયો. ચિંતા કર્યા વગર શાંતિથી સુઈ જાવ. મારી અનુકૂળતાએ હું રુખીબહેનને મળી જઈશ. ભગવાને કંઈક સારું જ ઈચ્છ્યું હશે. ગુડનાઈટ.'

'ગુડનાઈટ.'

ઈન્સ્પેક્ટર સાથે વાત કરીને તુલસીને ઘણું સારું લાગ્યું. તેના બળતાં જીવને થોડીક ઠંડક થઈ. થોડો ઉત્પાત ઓછો થયો. જ્યારે ચારેબાજુથી મુશ્કેલીઓથી ઘેરાયેલા હોઈએ ને, ત્યારે કોઈ એવું કહે કે ચિંતા ના કરો, ભગવાને સારું જ ઈચ્છ્યું હશે. આવી વાતથી પરિસ્થિતિમાં ભલે કોઈ જ ફેર ના પડે. પરંતુ રાહતની લાગણી તો ચોક્કસ જ થાય છે.

ઈન્સ્પેક્ટરના શબ્દોથી તુલસી પણ આવી જ લાગણી અનુભવી રહી.

ઈન્સ્પેકટરે રુખીબહેનને બધી જ વાત કરી, ને વાતવાતમાં તુલસીનું સુરત જવાનું પણ એમણે કહી દીધું. રુખીબહેન જેવી ઠીઠ વ્યક્તિઓ સાથે કેમ પાર પાડવું એની એમને બરાબર ખબર હતી. આવી વ્યક્તિને નિયંત્રણમાં લેવા થોડા પંપાળવા પણ પડે ને થોડી આંખ પણ લાલ કરવી પડે.

જોકે મૃત્યુ પામી છે એ છોકરી શુભા નથી, એ સાંભળીને તો રુખીબહેન રાજી જ થયા, ને બોલ્યા પણ ખરા, 'જો આ વાતની અખિલના બાપુને ખબર પયડી હોત તો, ઈ આમ પોતાનો જીવ નો દેત શુભા હાટુ જીવત ને હંધુયે દાવ પર લગાડીને શુભાને ગોતવાની કોશિશ કરત.'

સુરત જવા નીકળતી વખતે તુલસીના હાથમાં રૂપિયાનું બંડલ થમાવતા બોલ્યા પણ ખરા 'જ્યાં હોય ન્યાંથી એને લયાવ. પૈસાની ચિંતા કરતી'મા. જેટલા જોઈએ તું તારે કેજે. મોકલી દેશુ. ચંદુને હંધુયે આવડે છે. મારી છોડી હેમખેમ ઘરે આવી જાય તો હાલતી દુવારકા જઈને બાવન ગજની ધજા ચડાવીશ.'

સુરત પહોંચીને જેલમાં બંધ, માસી અને મમતાને બંને મળવા ગયા. ઈન્સ્પેક્ટરે મમતાને સવાલો પૂછવાનું ચાલુ કર્યું, પરંતુ એ તો આડા ને ઉડાઉ જવાબ જ આપતી હતી. જરાય સહકાર નહોતી આપતી.

એમણે થોડીવાર ધીરજ રાખી, પછી સટાક કરતો એક તમાચો મમતાના ગાલ પર પડ્યો. ને મમતા ખુરશીમાંથીઉલળીને નીચે પડી.

મમતાને તમાચો પડ્યો ત્યારે જ તુલસીથી હળવી ચીસ નંખાઈ ગઈ. મમતા પડી એટલે તુલસી દોડીને એની પાસે ગઈ, સાચવીને એને ઉભી કરી અને હાથ પકડીને ખુરશી પર બેસાડીનેમીઠાશથી બોલી.

'બેન મારી દીકરી, એ શુભા મારી દીકરી છે. કેટલી નાનકડી છે. મારા વગર કોઈ દિવસ રહી નથી. અખિલ અને શુભા ત્યાંથી ક્યાં જવાના હતા, એ બધું જ મને કહી દેશો તો ઈન્સ્પેક્ટરને કહીને હું તમને જેલમાંથી યે છોડાવીશ ને રૂપિયા પણ આપીશ. મારી દીકરી વિશે જાણવાનો એની માને હક હોયને? પ્લીઝ કહી દો. હું તમારી જીવનભર ઋણી રહીશ.' આમ કહેતા-કહેતા તુલસીએ પોતાના બે હાથ મમતા સામે જોડ્યા.

આ જોઈને મમતા ખડખડાટ હસી પડી ને બોલી 'બાઈ, તું કઈ દુનિયામાંથીઆયવી છો? આ જેલ તારા બાપા નું ઘર છે? તું મને હાથ પકડીને અહીંથી લઈ જાઈશ?

જેને તારી છોડીનું હંધુય ખબર હતું, ઈ તો ગ્યો ઉપર.' આમ કહેતા એણે એક આંગળી ઉપર ઉઠાવીને આકાશ



તરફ ઈશારો કર્યો, ને ફરી બોલી 'જો તારે જાણવું જ હોય તારી છોડીનું તો તુંયે ઉપર પોગીજા. પછી હંધુય શાંતિથી પૂસી લેજે ઈને, હંધુયે કહી દેહે તારો બાપ તને.' પછી કડવાશથી બબડી 'લટુડા-પટુડા કરતી આવી ગઈ, ઈનો બાપ લઈને હેંડ્યો ગ્યો તો. અમને કહીને થોડોક ગ્યો તો કે કેની કોર જાવસુ.'

આમ બોલતી-બોલતી ખુરશીમાંથી ઊભી થઈને ચાલતી થઈ. તુલસી માટે તો આ બધી દુનિયા અજાણી જ હતી. જેલ જ પહેલી વાર જોયેલી! સ્ત્રી ગુનેગાર આવી હોય એયપહેલીવાર જોયું. છાપાનાસમાચારોમાં જ વાંચેલું. આજે પ્રત્યક્ષ જોયુ!

તુલસી અસહાયતાથી મમતા જે દિશામાં ગઈ એ દિશામાં જોઈ રહી. પોતે કરેલી કલ્પનાઓ બધી જ કડડભૂસ કરતી ભાંગી પડી. તુલસીએ વિચારેલું કે હું પ્રેમથી એને બધું પૂછીશ, એને કહીશ કે શુભા મારા માટે કેટલી જરૂરી છે, મારું કોઈ જ નથી. એના વગર હું જીવી નહિ શકું.

એ આ બધી વાતો સાંભળશે એટલે એને દયા આવી જશે. આખરે એ પણ એક સ્ત્રી જ છે ને. એટલે મને શુભાનું ઠેકાણું ચિંધી દેશે. હું શુભાને લઈ આવીશ. પછી હું કોઈ દિવસ એને મારાથી દૂર નહીં થવા દઉં. અમે મા-દીકરી દુનિયાના એવા કોઈક સ્થળે ચાલ્યા જઈશું કે, ત્યાં અમને કોઈ જ ઓળખતું ના હોય.

આ બધા જ સ્વપ્નોમમતાની એક જ ના માત્ર થી તૂટી ગયા એટલે એનું હૃદય એકદમ જ ભરાઈ આવ્યું અને એની આંખોમાંથી આંસુની ધાર વહી નીકળી.

હવે માસીની પણ ના સાંભળવાની તુલસીની તૈયારી નહોતી. એટલે નંખાયેલા પગલે પાછી ફરવા માટે એણે પણ ઉપડ્યો ત્યાં જ એના કાને શબ્દો પડ્યા. 'પરીની મા તુ છો ?' તુલસી એકદમ પાછળ ફરીને દર્દથી બોલી 'એનું નામ શુભા છે.'

'જી નામ હોય ઈ. અમે તો એને પરી કેતાં. એનેય પરી નામ બહુ જ ગમતું હો. હતી તો આવડીક અમથી અંગૂઠા જેવડી, પણ હંધુય હમજે. હું એકવાર જ કવ ને ઈ હંધુય એના મગજમાં એવું ફીટ થઈ જાય કે કોઈ દી ભૂલે નહીં.

હવારમાં ઊઠીને જેશી કરશન કેય મને.પગે લાગે. તને ખબર છે! મારા હગા છોકરાવેય મને કોઈ દી પગે નથી લાયગા. રાત પડે ને રોજ વાર્તાયુ કે મને. હું તો હાંભરા જ કરું. જી દયો ઈ ખાઈ લ્યે. ખાવામાય કોઈ નાટક નહીં.'

માસીની વાત અધવચ્ચેથી કાપતા ઈન્સ્પેક્ટરે કરડાકીથી કહ્યું 'તમારી લપ મુકો ને ખાલી એટલું ક્યો કે, અખિલ એને લઈને પેલા ક્યાં ગયો તો?

**ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services
durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ (અ, લ, ઈ)

તમારામાં કામ કરવાની ઈચ્છા શક્તિ ઓછી રહેશે, પરંતુ તેમ છતાં તમે મહત્ત્વપૂર્ણ કામ સમયસર પૂર્ણ કરી શકશો. તમે કોઈ શુભ કાર્ય ગોઠવવામાં વ્યસ્ત રહી શકો છો. તમે તમારા સારા સ્વભાવ અને મૃદુ બોલચાલથી દરેકને તમારા નિયંત્રણમાં લાવશો. ખર્ચમાં વધારો થવાને કારણે તમારે તમારા બજેટમાં ઘટાડો કરવો પડી શકે છે.

### વૃષભ (બ.વ.ઉ)

તમારા માટે થોડો સમય ફળવો અને તમારી ઈચ્છા મુજબના કાર્યો કરવાથી તમને ખુશી મળશે અને તમારું વ્યક્તિત્વ સુધરશે. તમારે ખાસ લોકોની વચ્ચે બેસવું પડશે, જેનાથી આત્મવિશ્વાસ પણ વધશે. તમારી માનસિક સ્થિતિને નિયંત્રણમાં રાખો. બુદ્ધિનો ઉપયોગ કામ પાર પાડવા માટે કરો. કામ વિશે વિચારવામાં વધુ સમય ન આપો.

### મિથુન (ક.છ.ઘ)

બદલાતા વાતાવરણને કારણે કેટલીક નવી નીતિઓ બનાવવામાં આવી છે, જે તમારા માટે ફાયદાકારક સાબિત થશે. જોકે, વીમા કે રોકાણ સંબંધિત કામ પણ સરળતાથી પૂર્ણ થશે. કોઈ ખાસ મુદ્દા પર મિત્ર સાથેની વાતચીત સકારાત્મક પરિણામ આપશે. આવક કરતાં વધુ ખર્ચ થશે. બજેટ જાળવવું મહત્ત્વપૂર્ણ છે.

### કર્ક (ડ.હ)

જાતકો માટે સ્વાભિમાન પ્રથમ પ્રાથમિકતામાં રહેશે અને તમારા સ્વભાવમાં ઘણી ભાવનાત્મકતા રહેશે. તમારો સહયોગ અને અન્ય લોકો પ્રત્યેની મદદ તમારા સન્માનમાં વધારો કરશે. અને તમને પ્રભાવશાળી લોકોનો સહયોગ પણ મળશે. કોઈ નાની-નાની વાત પર નજીકના યુવક સાથે અણબનાવ થવાની સંભાવના છે.

### સિંહ (મ.ટ)

અનુકૂળ ગ્રહોની સ્થિતિ બની રહી છે. કેટલાક સમયથી ચાલી રહેલી મહેનતનું આજે યોગ્ય પરિણામ મળવાનું છે. તમને તમારી ઈમેજને વધુ સારી બનાવવાની તક પણ મળશે. કોઈ પણ સમસ્યાનો ઉકેલ શોધવામાં કોઈ પ્રિય મિત્ર ખાસ મદદરૂપ થશે. આ સમયે દેખાડો કરવાની વૃત્તિને કારણે બિનજરૂરી કામમાં ખર્ચ થશે.

### કન્યા (પ.ઠ.ણ)

તમારી વિશેષ કાર્ય સંબંધિત યોજનાઓ આજે કેટલીક નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને અમલમાં આવશે. લોકોની પરવા ન કરો અને તમારી ક્ષમતા અનુસાર કાર્યો પર ધ્યાન આપો. તમે ચોક્કસપણે સફળતા પ્રાપ્ત કરશો. જો તમે કોઈને કોઈ વચન આપ્યું છે, તો તેને ચોક્કસ પૂરું કરો. નહીં તો લોકોની સામે તમારી ઈમેજ બગડી શકે છે.

### તુલા (ર.ત)

અચાનક કોઈ પ્રિય મિત્રની મુલાકાત તમને ખુશ કરશે, અને સકારાત્મક વાતચીત પણ થશે. જમીન સંબંધિત કોઈ મામલો ચાલી રહ્યો હોય તો આજે તેનો યોગ્ય ઉકેલ આવવાની સંભાવના છે. ઘરમાં કોઈ શુભ પ્રસંગ સાથે જોડાયેલી યોજનાઓ પણ બની શકે છે. શાંતિ અને સંયમથી પરિસ્થિતિઓનું સંચાલન કરો.

### વૃશ્ચિક (ન.ય)

લાભદાયક સમય છે, તેનો સારો ઉપયોગ કરો. જો તમે ક્યાંક રોકાણ કરવાનું વિચારી રહ્યા છો, તો તરત જ નિર્ણય લો. સંતાન સંબંધિત કેટલીક મહત્ત્વપૂર્ણ માહિતી મળવાથી ઘરમાં ખુશીનું વાતાવરણ રહેશે. આધ્યાત્મિક અને ધાર્મિક કાર્યોમાં પણ સમય પસાર થશે. કેટલીકવાર અંગત સમસ્યાઓમાં ફસાઈ જવાથી કામમાં અડચણ આવી શકે છે.

### ધન (ભ.ફ.ધ.ઢ)

કેટલાક સમયથી તમારા મનમાં ચાલી રહેલ કોઈપણ સંઘર્ષનો અંત આવશે. તમારા માટે કંઈક નવું કરવાની ઈચ્છા પણ પ્રબળ રહેશે. નજીકના સંબંધીઓ સાથે મુલાકાત દ્વારા કોઈ જટિલ સમસ્યા ઉકેલાઈ જશે. કેટલાક વિરોધીઓ સક્રિય થઈ શકે છે અને તમારા કામમાં અવરોધ ઉભી કરી શકે છે. વ્યર્થ ખર્ચ ટાળો. મિત્રો, સંબંધીઓ સાથે યોગ્ય સંવાદિતા જાળવી રાખો.

### મકર (ખ.જ)

દિનચર્યા વ્યવસ્થિત રહેશે. ભૂતકાળના કેટલાક અનુભવોમાંથી શીખીને વર્તમાનને સુધારવાનો પ્રયાસ કરશો, અને ઘણી હદે સફળ થશો. ઘરેલું અને વ્યવહારિક જીવનમાં સકારાત્મક પરિવર્તન આવશે. ઘરમાં સ્વજનોની અવરજવર રહેશે. ભાવનાઓમાં વહી ન જાવ. આ સમયે વ્યવહારુ અભિગમ અપનાવવો જરૂરી છે.

### કુંભ (ગ.સ.શ.ષ)

પરિવારના કોઈ અનુભવી અને વરિષ્ઠ સભ્યના માર્ગદર્શન હેઠળ તમે કોઈ ખાસ કામ કરી શકશો, જે તમારા માટે ફાયદાકારક પણ સાબિત થશે. બાળકો તરફથી કોઈ ગંભીર ચિંતાઓ પણ દૂર થશે. કેટલાક પારિવારિક શુભ પ્રસંગને લગતી યોજનાઓ પણ બનાવવામાં આવશે. બીજાની દખલગીરીને કારણે તમને કોઈ પ્રકારનું નુકસાન થઈ શકે છે.

### મીન (દ.ચ.ઝ.થ)

અનુભવી લોકોના માર્ગદર્શન અને અનુભવને અનુસરવાથી તમારી પ્રગતિના દ્વાર ખૂલી શકે છે. તમારી મૂંઝવણ દૂર થતાં યુવાનો રાહતનો શ્વાસ લેશે. અને તમને કેટલાક મોટા નિર્ણયો લેવાની હિંમત પણ મળશે. વિદ્યાર્થીઓને તેમની સમસ્યાઓનો ઉકેલ મળવાથી માનસિક રાહત મળશે. વધુ પડતો ખર્ચ બજેટ બગાડી શકે છે.

# ગુજરાતી ફિલ્મ, અભિનેતા-અભિનેત્રીઓનું સન્માન વધારતો



**G I F A**

ગુજરાત આઈકોનિક ફિલ્મ એવોર્ડ



## GIFA 2023ની રંગારંગ, ધામધૂમથી ભવ્ય ઉજવણી





■ અમદાવાદ

GIFA એટલે કે ગુજરાત આઈકોનિક ફિલ્મ એવોર્ડ્સ ૨૦૨૩નો જાજરમાન એવોર્ડ સમારંભ તારીખ 8 માર્ચ શુક્રવારના રોજ કર્ણાવતી યુનિવર્સિટી ખાતે યોજાઈ ગયો. જીફાની ભવ્યાતિભવ્ય રેડ કાર્પેટ, મન મોહક પર્ફોમન્સ અને ક્ષતિરહિત વ્યવસ્થાએ ફરી એકવાર એ સાબિત કરી દીધું કે જીફા ભારતનો સૌથી મોટો એકમાત્ર ગુજરાતી ફિલ્મ એવોર્ડ સમારંભ છે. દર વર્ષની જેમ ધમાકેદાર પરફોર્મન્સ દ્વારા જીફાએ પ્રેક્ષકોના દિલમાં આગવું સ્થાન મેળવ્યું છે. જીફાની વ્યવસ્થા અને ખાસ રેડ કાર્પેટ ખૂબજ મન મોહક હતા અને દરેક કલાકાર કસ્બી તેનો આનંદ લઈ રહ્યા હતા. જીફા ગુજરાતી ફિલ્મો, ગુજરાતી કલાકારો, ડાયરેક્ટર, રાઈટર એમ દરેકને જેમણે ગુજરાતી ફિલ્મોમાં યોગદાન આપેલું હોય તેમને તેમના કામની પ્રશંસા રૂપે એવોર્ડ અર્પણ કરી ગુજરાતી ફિલ્મોને વિશ્વ ફલક સુધી પહોચાડવાનું કામ કરી રહ્યું છે. જીફા એ ગુજરાતી ફિલ્મોના કલાકાર કસબીઓને 24 અલગ અલગ કેટેગરીમાં એવોર્ડ એનાયત કરીને યોગ્ય પ્લેટફોર્મ અને પ્રોત્સાહન આપ્યું હતું. કલાકારોની હાજરી અને જીફાની વ્યવસ્થા કાબિલે તારીફ હતી અને આજે જ્યારે વર્ષે ૭0થી વધારે ફિલ્મો રિલીઝ થાય ત્યારે જીફા જેવા સન્માનીય એવોર્ડ સમારંભ કલાકાર કસ્બીઓને ખૂબજ પ્રોત્સાહન પૂરું પાડશે. એવોર્ડ કર્ણાવતી યુનિવર્સિટી ખાતે થઈ ગયો. ગુજરાતની જાણીતી હસ્તીઓ અને સિનિયર કલાકારો એ હાજર રહી જીફા ના સન્માનમાં વિશેષ વધારો કર્યો અને સાથે ઓડિયન્સ પણ મોટી સંખ્યામાં હાજર રહી જીફાને બિરદાવ્યો હતો.













### અલગ અલગ કેટેગરીમાં GIFA - 2023 એવોર્ડ્સ વિજેતાની યાદી

**જીફા એક્ટર ઓફ ધ યર મેલ** ■ રોનક કામદાર, હરિ ઓમ હરિ

**જીફા એક્ટર ઓફ ધ યર ફિમેલ** ■ માનસી પારેખ, કચ્છ એક્સપ્રેસ

**જીફા એક્ટર ઓફ ધ યર ઈન સપોર્ટિંગ રોલ મેલ**
■ સ્મિત પંડ્યા, કહી દેને પ્રેમ છે ■ વિરાફ પટેલ, કચ્છ એક્સપ્રેસ

**જીફા એક્ટર ઓફ ધ યર ઈન સપોર્ટિંગ રોલ ફિમેલ**
■ રત્ના પાઠક - કચ્છ એક્સપ્રેસ

**જીફા ડિરેક્ટર ઓફ ધ યર** ■ મનીષ સૈની - શુભ યાત્રા

**જીફા ફિલ્મ ઓફ ધ યર** ■ કચ્છ એક્સપ્રેસ

**જીફા સ્ટોરી રાઇટર ઓફ ધ યર**
■ મનન દેસાઈ, ચિરાયુ મિસ્ત્રી, ઓમ ભટ્ટ - બચુભાઈ

**જીફા મ્યૂઝિક ડિરેક્ટર ઓફ ધ યર** ■ કેદાર - ભાર્ગવ - શુભ યાત્રા

**જીફા લીરિસિસ્ટ ઓફ ધ યર**
■ સ્નેહા દેસાઈ - ઊડે રે ગુલાલ - કચ્છ એક્સપ્રેસ
■ ચિરાગ ત્રિપાઠી - વ્હાલા રે વ્હાલમ જી - બચુભાઈ

**જીફા પ્લેબેક સિંગર ઓફ ધ યર મેલ**
■ સની શાહ - બેબી બૂચ મારી ગઈ - શુભયાત્રા

**જીફા પ્લેબેક સિંગર ઓફ ધ યર ફિમેલ**
■ નિશા કાપડિયા - વ્હાલા રે વ્હાલમ જી - બચુભાઈ

**જીફા સ્ક્રીનપ્લે ઓફ ધ યર** ■ વિનોદ કે સરવૈયા - હરિ ઓમ હરિ

**જીફા સિનેમેટોગ્રાફર ઓફ ધ યર** ■ તપન વ્યાસ - લકીરો

**જીફા બેકગ્રાઉન્ડ સ્કોર ઓફ ધ યર** ■ ગુલરાજ સિંહ, કચ્છ એક્સપ્રેસ

**જીફા કોરિયોગ્રાફર ઓફ ધ યર**
■ અભિષેક પાઈ અને પૂજા કાલે - કચ્છ એક્સપ્રેસ

**જીફા આર્ટ ડિરેક્ટર ઓફ ધ યર** ■ શીલ ઠાકોર - કચ્છ એક્સપ્રેસ

**જીફા એડિટર ઓફ ધ યર** ■ ભાગ્યશ્રી ઠાકોર - હું ઈકબાલ

**જીફા ડાયલોગ રાઉટર ઓફ ધ યર** ■ રામ મોરી - કચ્છ એક્સપ્રેસ

**જીફા એક્ટર ઓફ ધ યર ઈન કોમિક રોલ** ■ હેમીન ત્રિવેદી શુભ યાત્રા

**જીફા એક્શન ડિરેક્ટર ઓફ ધ યર**
■ મહોમ્મદ અમદાવાદી - જોડી નં ૪૨૦

**જીફા એક્ટર ઓફ ધ યર ઈન નેગેટિવ રોલ**
■ ચેતન ધાનાની - વેલકમ પૂર્ણિમા

**જીફા ડેબ્યુટન્ટ એક્ટર ઓફ ધ યર મેલ** ■ ઉત્સવ નાયક - આગંતુક

**જીફા ડેબ્યુટન્ટ એક્ટર ઓફ ધ યર ફિમેલ**
■ મલ્હાર રાઠોડ - હરિ ઓમ હરિ

**જીફા કોસ્ચ્યુમ ડિઝાઇનર ઓફ ધ યર**
■ નિક્કી જોશી - કચ્છ એક્સપ્રેસ
■ જીફા ગોલ્ડન એવોર્ડ - ગૌરાંગ વ્યાસ

**જીફા જ્યુરી મેન્શન એક્ટર** ■ રાગી જાની - પોપટ

**જીફા જ્યુરી મેન્શન ફિલ્મ – પોપટ**

**જીફા જ્યુરી મેન્શન એક્ટર ઈન સપોર્ટિંગ રોલ ફિમેલ**
■ નેત્રી ત્રિવેદી - લકીરો

**જીફા જ્યુરી મેન્શન ડાઇરેક્ટર**
■ નિસર્ગ વૈદ્ય - હરિ ઓમ હરિ
■ જીફા સ્પેશિયલ મેન્સન - કાજલ ઓઝા વૈદ્ય
■ જીફા સ્પેશિયલ મેન્સન - જય મહંત
■ જીફા સ્પેશિયલ મેન્સન - અજય બારોટ - પોપટ
■ જીફા સ્પેશિયલ મેન્સન - દિપાલી ચતવાની
■ જીફા સ્પેશિયલ મેન્સન - દેવાંશી શાહ
■ જોશ એપ સ્પેશિયલ એક્ટર - દેવર્ષિ શાહ

**અનેક જાણીતી હસ્તીઓએ હાજર રહી કાર્યક્રમની વધારી શોભા** જીફા ૨૦૨૩માં શૌનક વ્યાસ, સપના વ્યાસ, ચેતન દૈયા, સ્મિત પંડ્યા, આર જે આકાશ, અવનિ મોદી, કાજલ ઓઝા, રીવા રાચ, દીપ વૈદ્ય, મૌલિક ચૌહાણ અને આર જે હાર્દિક દ્વારા કાર્યક્રમ નું સંચાલન કરવામાં આવ્યું તથા હિતુ કનોડિયા, મોના થીબા કનોડિયા, માનસી પારેખ, વિરાફ પટેલ, શ્વેતા સેન, ક્રિના પાઠક, દેવર્ષિ શાહ, સિમરન નાટેકર, ઘનશ્યામ ઝૂલા, જસ્સી દાદી, હેતલ મોદી, શિલ્પા ઠાકર, દીપ વૈદ્ય, જ્હાન્વી ચૌહાણ, મૌલિક પાઠક, નમન ગોર, પૌરવી પાલન, ઓમ ભટ્ટ, કારણ રાજવીર, નિરાલી ઓઝા, ધ્વારા સુંદર પરફોર્મન્સ રજૂ કરવામાં આવ્યા હતા.










# યશસ્વી જયસ્વાલને ICC પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ એનાયત

## ફેબ્રુઆરીમાં બે બેવડી સદી ફટકારી હતી

### એનાબેલ સધરલેન્ડ વુમન્સ કેટેગરીની બેસ્ટ ક્રિકેટર

## યશસ્વીની ઈંગ્લેન્ડ સામે શાનદાર બેટિંગ

■ નવી દિલ્લી

ટીમ ઈન્ડિયાનો ઓપનર યશસ્વી જયસ્વાલ ફેબ્રુઆરી માટે ICC પ્લેયર ઓફ ધ મંથ બન્યો છે. ઓસ્ટ્રેલિયાની સ્ટાર ઓલરાઉન્ડર એનાબેલ સધરલેન્ડને વુમન્સ કેટેગરીમાં આ એવોર્ડ મળ્યો છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ મંગળવારે એવોર્ડ વિજેતાઓની જાહેરાત કરી હતી. યશસ્વીએ ન્યૂઝીલેન્ડના કેન વિલિયમસન અને શ્રીલંકાના ઓપનર પથુમ નિસાન્કાને પાછળ છોડીને આ એવોર્ડ જીત્યો હતો. યશસ્વીએ ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટેસ્ટ શ્રેણીમાં 712 રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે બીજી અને ત્રીજી ટેસ્ટમાં બેવડી સદી ફટકારી હતી. તેણે બીજી ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં 209 રન અને ત્રીજી ટેસ્ટની બીજી ઈનિંગમાં અણનમ 214 રન બનાવ્યા હતા. હાલમાં, યશસ્વી ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના વર્તમાન સાઈકલમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે.

### સૌથી ઓછી મેચમાં 1000 રન બનાવનાર ભારતનો પહેલો બેટર

યશસ્વી જયસ્વાલે 9 મેચમાં 1000 રન પૂરા કર્યા. સૌથી ઓછી મેચ રમીને આવું કરનાર તે વિશ્વનો બીજો બેટર બન્યો. ઓસ્ટ્રેલિયાના ડોન બ્રેડમેન આ યાદીમાં નંબર-1 પર છે. તેમણે માત્ર 7 મેચમાં 1000 રન બનાવ્યા હતા. યશસ્વી ભારતનો પ્રથમ બેટર છે જેણે સૌથી ઓછી મેચ રમીને હજાર રન બનાવ્યા છે.

### એક ટેસ્ટ ઈનિંગ્સમાં 12 સિક્સર ફટકારી હતી

રાજકોટ ટેસ્ટની બીજી ઈનિંગમાં યશસ્વી જયસ્વાલે તેની 214 રનની ઈનિંગમાં 12 સિક્સ ફટકારી હતી, જે કોઈપણ ભારતીય પ્લેયર દ્વારા એક ઈનિંગમાં સૌથી વધુ છે. વસીમ અકરમ (વિ. ઝિમ્બાબ્વે)ના વર્લ્ડ રેકોર્ડની પણ બરાબરી કરી.

### ICC એવોર્ડ મેળવીને હું ખૂબ જ ખુશ છું: યશસ્વી

ICC એવોર્ડની જાહેરાત થયા બાદ જયસ્વાલે કહ્યું કે, હું આઈસીસી એવોર્ડ મેળવીને ખૂબ જ ખુશ છું અને મને ભવિષ્યમાં વધુ એવોર્ડ મળવાની આશા છે. ઈંગ્લેન્ડની ટેસ્ટ શ્રેણી અંગે તેણે કહ્યું કે, મેં ખૂબ એન્જોય.કર્યું છે અને જે રીતે રમ્યું છે અને અમે 4-1થી સિરીઝ જીતી છે તેનાથી મને ખૂબ આનંદ થયો.

## NEWS FILE

### રણજી ટ્રોફીમાં મુંબઈ 42મી વખત ચેમ્પિયન, 3 ખેલાડીઓએ ટીમને જીતાડી




નવી દિલ્લી: રણજી ટ્રોફીની ચેમ્પિયન ટીમ નક્કી થઈ ગઈ છે અને ફરી એકવાર મુંબઈએ ટ્રોફી પર કબજો કરી લીધો છે. આ વખતે મુંબઈની સામે ફાઈનલમાં મહારાષ્ટ્રની જ વિદર્ભની ટીમ હતી. આ સાથે જ મુંબઈ 42મી વખત રણજી ટ્રોફીમાં ચેમ્પિયન બન્યું છે. મુંબઈની આ જીતમાં ત્રણ પ્લેયરની મહત્ત્વની ભૂમિકા રહી હતી. મુંબઈની ટીમે ફાઈનલ મેચમાં વિદર્ભને 169 રનથી હરાવીને રણજી ટ્રોફી 2023-24નું ટાઈટલ જીતી લીધું છે. અજિંક્ય રહાણેની કેપ્ટનશિપ હેઠળ મુંબઈની ટીમે શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેના માટે મુશીર ખાન, શ્રેયસ અય્યર અને શાર્દુલ ઠાકુરે મેચ વિનિંગ પરફોર્મન્સ આપ્યું હતું. મુશીરે બીજી ઈનિંગમાં સદી ફટકારી હતી. અય્યરે 95 રનની ઈનિંગ રમી હતી. મુંબઈએ પ્રથમ ઈનિંગમાં 224 રન અને બીજી ઈનિંગમાં 418 રન બનાવ્યા હતા. વિદર્ભે પ્રથમ ઈનિંગમાં 105 રન અને બીજી ઈનિંગમાં 368 રન બનાવ્યા હતા. મુંબઈની શરૂઆત ખરાબ રહી હતી. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કરતા મુંબઈની ટીમ પ્રથમ ઈનિંગમાં 224 રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી. આ દરમિયાન પૃથ્વી શોએ 46 રનની ઈનિંગ રમી હતી.

### હેમિલ્ટન મસાકાડ્ઝાનું ઝિમ્બાબ્વે ક્રિકેટ ડિરેક્ટર પદેથી રાજીનામું




હરારે: ભૂતપૂર્વ ક્રિકેટર હેમિલ્ટન મસાકાડ્ઝાએ ઝિમ્બાબ્વે ક્રિકેટ (ZC)ના ડિરેક્ટર પદેથી રાજીનામું આપ્યું છે. તેમની ટીમ 2024 T20 વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરી શકી ન હતી, તેથી જ મસાકાડ્ઝાએ આ નિર્ણય લીધો હતો. ત્રણ મહિના પહેલા ટીમના કોચ ડેવ હટને પણ પોતાનું પદ છોડી દીધું હતું. મસાકાડ્ઝાએ 2019માં ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. તેમને આ વર્ષે ઓક્ટોબરમાં ફરીથી ડિરેક્ટર પદ સોંપવામાં આવ્યું હતું. મસાકાડ્ઝાએ પોતાના રાજીનામા પત્રમાં લખ્યું છે કે, 'ઝિમ્બાબ્વે ક્રિકેટની સફળતા અને નિષ્ફળતાને જોયા બાદ મેં ખૂબ કાળજી સાથે પદ છોડવાનો નિર્ણય કર્યો છે. મારી કારકિર્દીમાં ટીમ સફળ રહી છે.

# M.S.ધોની મોટી સિદ્ધિ મેળવવાથી માત્ર 43 રન દૂર

## ડી વિલિયર્સ અને ગેલ પણ નથી કરી શક્યા આવું

■ ચેન્નઈ

IPL 2024ની શરૂઆત 22 માર્ચથી થવા જઈ રહી છે. આ લીગની પ્રથમ મેચ ચેન્નઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાનાર છે. ચેપોકમાં રમાનારી IPL 2024ની પ્રથમ મેચથી જ રોમાંચ જોવા મળશે. પ્રથમ મેચમાં જ ચેન્નઈ સુપર કિંગ્સના કેપ્ટન એમએસ ધોની પાસે એક મોટો રેકોર્ડ પોતાના નામે કરવાની તક રહેશે, જેના માટે ધોનીને થોડા રન બનાવવા પડશે.

ધોની RCB સામે રમાનારી IPL 2024ની પ્રથમ મેચમાં 43 રન બનાવીને એક મોટી સિદ્ધિ હાંસલ કરી લેશે. જો ધોની 43 રન બનાવી લેશે તો તે CSKનો બીજો ક્રિકેટર અને એકંદરે ચોથો ક્રિકેટર બની જશે જે IPLની કોઈ એક ટીમ તરફથી રમતા 5000 રન પૂરા કરશે. ધોનીએ CSK તરફથી રમતા IPLમાં અત્યાર સુધીમાં 4957 રન બનાવ્યા છે.



# બીસીસીઆઈએ પંતને ફિટ જાહેર કર્યો

## રિષભ IPLમાં વિકેટકીપિંગ અને બેટિંગ માટે તૈયાર છે, નવી ઈનિંગ્સ રમશે

### સૂર્યા 2 મેચ રમશે નહીં, શમી IPLની સિઝનમાંથી OUT

■ નવી દિલ્લી

દિલ્હી કેપિટલ્સના રિષભ પંતે ફિટનેસ ટેસ્ટ પાસ કરી લીધો છે. બીસીસીઆઈ દ્વારા તેને ફિટ જાહેર કરવામાં આવ્યો છે. BCCIએ માહિતી આપી હતી કે ગુજરાત ટાઈટન્સનો ફાસ્ટ બોલર મોહમ્મદ શમી અને રાજસ્થાન રોયલ્સના ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણા ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે. બીજી તરફ મુંબઈ ઈન્ડિયન્સના સૂર્યકુમાર યાદવ આઈપીએલની પ્રથમ 2 મેચ રમી શકશે નહીં.સર્જરી કરાવ્યા બાદ હજુ સુધી તે સ્વસ્થ થઈ શક્યો નથી.સૂર્યકુમાર યાદવ છેલ્લે ડિસેમ્બર 2023માં ભારત માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમતા જોવા મળ્યો હતો. અહીં તેણે દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ ટી-20માં ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરી હતી. આ દરમિયાન તે ફિલ્ડિંગ દરમિયાન બોલને રોકવાનો પ્રયાસ કરતી વખતે ઈજાગ્રસ્ત થયો હતો. સૂર્યાને પગમાં ઈજા થઈ હતી, જેના માટે તે સારવાર માટે ભારત પરત ફર્યો હતો. તેણે હર્નિયાની સર્જરી કરાવી અને પછી એનસીએમાં રિહેબ શરૂ કર્યું.




### પંત IPL માટે ફિટ- BCCI

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ રિષભ પંત, પ્રસિદ્ધ કૃષ્ણા અને મોહમ્મદ શમીની ઈજા અંગે અપડેટ આપી હતી. બોર્ડે કહ્યું કે, 14 મહિનાના લાંબી રિહેબ અને રિકવરી પ્રક્રિયા બાદ હવે રિષભ પંત વિકેટકીપિંગ અને બેટિંગ માટે ફિટ છે. તે IPL 2024માં ભાગ લઈ શકે છે.બોર્ડે કહ્યું કે પ્રસિદ્ધ કૃષ્ણા અને મોહમ્મદ શમી હાલમાં ઈજામાંથી સાજા થઈ રહ્યા છે. બંને ખેલાડીઓ IPLમાં ભાગ લઈ શકશે નહીં. સૂર્યકુમાર યાદવ છેલ્લે ડિસેમ્બર 2023માં ભારત માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમતા જોવા મળ્યો હતો. અહીં તેણે દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ ટી-20માં ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરી હતી. આ દરમિયાન તે ફિલ્ડિંગ દરમિયાન બોલને રોકવાનો પ્રયાસ કરતી વખતે ઈજાગ્રસ્ત થયો હતો. સૂર્યાને પગમાં ઈજા થઈ હતી, જેના માટે તે સારવાર માટે ભારત પરત ફર્યો હતો. તેણે હર્નિયાની સર્જરી કરાવી અને પછી એનસીએમાં રિહેબ શરૂ કર્યું. એનસીએ તરફથી તેના ફિટનેસ વિશે હજુ સુધી માહિતી મળી નથી.

# ... એક દેશ એક ચૂંટણી

# કોવિંદ સમિતે રાષ્ટ્રપતિને રિપોર્ટ બનાવી અર્પણ કર્યો

**18,000 પેજના રિપોર્ટમાં 2029માં એકસાથે ચૂંટણી યોજવાની ભલામણ**

## ભારતીય જનતા પાર્ટી કંઈક અલગ વિચાર કરી રહી છે

■ નવી દિલ્લી

વન નેશન વન ઈલેક્શન પર વિચાર કરી રહેલા પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આગેવાની હેઠળની સમિતિએ ગુરુવારે (14 માર્ચ) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો. પેનલે 18,626 પાનાંનો રિપોર્ટ રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિને સોંપ્યો હતો. એમાં કહેવામાં આવ્યું છે કે આ રિપોર્ટ 2 સપ્ટેમ્બર, 2023ના રોજ કમિટીની રચના થઈ ત્યારથી લઈને હિતધારકો અને નિષ્ણાતોની સલાહ અને 191 દિવસના રિસર્ચનું પરિણામ છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે 47 રાજકીય પક્ષએ એક દેશ, એક ચૂંટણી પર સમિતિને પોતાનો અભિપ્રાય આપ્યો હતો, જેમાંથી પક્ષમાં 32 અને 15 વિપક્ષમાં મત પડ્યા હતા. રિપોર્ટ્સ અનુસાર, કોવિંદ સમિતિએ 2029માં એકસાથે ચૂંટણી કરાવવાની ભલામણ કરી છે. લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી માટે મતદારયાદી જાળવવાની વાત પણ સામે આવી છે. ચૂંટણી માટે બંધારણમાં સુધારાની ભલામણ કરવાની પણ શક્યતા છે. ગયા વર્ષે 2 સપ્ટેમ્બરના રોજ પૂર્વ રાષ્ટ્રપતિ કોવિંદના નેતૃત્વમાં 8 સભ્યની સમિતિની રચના કરવામાં આવી હતી.



**એક દેશ, એક ચૂંટણીની શક્યતા**
આ રીતે છે 'એક દેશ એક ચૂંટણી' લાગુ કરવા માટે અનેક રાજ્યોની વિધાનસભાઓનો કાર્યકાળ ઘટાડવામાં આવશે. જે રાજ્યોમાં 2023ના અંત સુધીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે ત્યાં તેમનો કાર્યકાળ લંબાવી શકાય છે.

## 5 વિધાનસભાનો કાર્યકાળ 2029 સુધી લંબાવાશે

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જો તમામ પક્ષો લો કમિશનના પ્રસ્તાવ પર સહમત થશે તો એને 2029થી જ લાગુ કરવામાં આવશે. ઉપરાંત આ માટે ડિસેમ્બર 2026 સુધીમાં 25 રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજવી પડશે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, તેલંગાણા, છત્તીસગઢ અને મિઝોરમ વિધાનસભાનો કાર્યકાળ જૂન 2029 સુધી 6 મહિના લંબાવવો જોઈએ. ત્યાર પછી તમામ રાજ્યોમાં વિધાનસભા અને લોકસભાની ચૂંટણી એકસાથે થઈ શકે છે.

**પ્રથમ તબક્કો: 8 રાજ્ય, જૂન 2024માં મતદાન** આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, ઓડિશા અને સિક્કિમ: તેમનો કાર્યકાળ જૂન 2024માં જ પૂર્ણ થઈ રહ્યો છે. હરિયાણા, મહારાષ્ટ્ર, ઝારખંડ અને દિલ્હી: તેમના કાર્યકાળમાં 5-8 મહિનાનો ઘટાડો કરવો પડશે. ત્યાર બાદ આ રાજ્યોમાં વિધાનસભાઓ જૂન 2029 સુધી 5 વર્ષ સુધી ચાલશે.

**બીજો તબક્કો: 6 રાજ્યઃ નવેમ્બર 2025માં મતદાન** બિહારઃ વર્તમાન કાર્યકાળ પૂર્ણ થશે. બાદમાં માત્ર સાડાત્રણ વર્ષ ચાલશે. આસામ, કેરળ, તામિલનાડુ, પ. બંગાળ અને પુડુચેરીઃ વર્તમાન કાર્યકાળમાં 3 વર્ષ અને 7 મહિનાનો ઘટાડો થશે. એ પછીનો કાર્યકાળ પણ સાડાત્રણ વર્ષનો રહેશે.

**ત્રીજો તબક્કો: 11 રાજ્યઃ ડિસેમ્બર 2026માં મતદાન** ઉત્તરપ્રદેશ, ગોવા, મણિપુર, પંજાબ અને ઉત્તરાખંડઃ વર્તમાન કાર્યકાળમાં 3થી 5 મહિનાનો ઘટાડો થશે. એ પછી એ સવા બે વર્ષ ચાલશે. ગુજરાત, કર્ણાટક, હિમાચલ, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા.

# 7 તબક્કામાં યોજાશે લોકસભાની ચૂંટણી, 4 જૂને પરિણામ

**નવી દિલ્હી: લોકસભા ચૂંટણી 2024ની તારીખો જાહેર કરવામાં આવી છે. 543 સીટો માટે સાત તબક્કામાં મતદાન થશે. 19 એપ્રિલથી 1 જૂન સુધી ચાલશે. પરિણામ 4 જૂને આવશે. મતદાનથી લઈને પરિણામ આવવામાં 46 દિવસ લાગશે. લોકસભાની સાથે 4 રાજ્યો - આંધ્ર પ્રદેશ, ઓડિશા, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમની વિધાનસભા ચૂંટણીની તારીખો પણ જાહેર કરવામાં આવી છે.**

### 7 તબક્કામાં લોકસભાની ચૂંટણી

| | | |
|---|---|---|
| **પ્રથમ તબક્કો** 19 એપ્રિલ (102 બેઠક) | **બીજો તબક્કો** 26 એપ્રિલ (89 બેઠક) | **ત્રીજો તબક્કો** 7 મે (94 બેઠક) |
| **ચોથો તબક્કો** 13 મે (96 બેઠક) | **પાંચમો તબક્કો** 20 મે (49 બેઠક) | **છઠ્ઠો તબક્કો** 25 મે (57 બેઠક) |
| **સાતમો તબક્કો** 1 જૂન (57 બેઠક) | **પરિણામ** 4 જૂન | |

## 543 બેઠક પર 7 તબક્કામાં મતદાન

તબક્કો-1 પ્રથમ તબક્કામાં તમિલનાડુ, રાજસ્થાન, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણી યોજાશે.

તબક્કો-2 28 માર્ચે નોટિફિકેશન થશે અને 26 એપ્રિલે મતદાન થશે.

તબક્કો-3 નોટિફિકેશન 7મી એપ્રિલે થશે, મતદાન 7મી મેના રોજ થશે. જેમાં 12 રાજ્યોનો સમાવેશ કરવામાં આવશે. 3 નવા રાજ્યોમાં ચૂંટણી શરૂ થશે.

તબક્કો-4 18 એપ્રિલે નોટિફિકેશન, 13 મેના રોજ મતદાન.

તબક્કો-5 30 મેના રોજ મતદાન થશે.

તબક્કો-6 25મી મેના રોજ મતદાન

તબક્કો-7 7મી મેના રોજ નોટિફિકેશન, 1લી જૂને મતદાન.

- 49.7 કરોડ પુરુષ મતદારો
- 47.1 કરોડ મહિલા મતદારો
- કુલ 96.8 કરોડ મતદારો
- 1.8 કરોડ મતદારો પહેલીવાર મતદાન કરસે
- 20-29 વર્ષના કુલ 19.47 કરોડ મતદારો
- 48000 ટ્રાન્સજેન્ડર
- 82 લાખ મતદારો 85 વર્ષથી વધુ ઉંમરના
- 97 કરોડ વોટર દેશની નવી સરકાર બનાવશે
- 10.5 લાખ પોલિંગ સ્ટેશન બનશે
- 1.5 કરોડ કર્મચારીઓ ચુંટણી પ્રક્રિયામાં જોડાશે
- 55 લાખ ઈવીએમ મશીન ઉપયોગ થશે

## NEWS FILE

### 5 વર્ષ દરમિયાન 22,217 ઈલેક્ટોરલ બોન્ડ ખરીદાયાં




નવી દિલ્હીઃ સ્ટેટ બેંકના ચેરમેન દિનેશ કુમારે બુધવારે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી હતી. એમાં કહેવામાં આવ્યું છે કે ચૂંટણી બોન્ડ વિશેની માહિતી જાહેર કરવાના સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરવામાં આવ્યું છે. એફિડેવિટ અનુસાર, 1 એપ્રિલ, 2019થી 15 ફેબ્રુઆરી, 2024 સુધી 22 હજાર 217 ઈલેક્ટોરલ બોન્ડ ખરીદવામાં આવ્યા હતા. SBIએ કહ્યું હતું કે 1 એપ્રિલ, 2019થી 11 એપ્રિલ, 2019ની વચ્ચે એટલે કે 12 દિવસમાં 3,346 ઈલેક્ટોરલ બોન્ડ ખરીદવામાં આવ્યાં હતાં. 12 એપ્રિલ 2019થી 15 ફેબ્રુઆરી 2024 સુધી કુલ 18,871 ઈલેક્ટોરલ બોન્ડ ખરીદવામાં આવ્યાં હતાં.

### CAA મામલે શાહે કહ્યું- લોકો મમતાને સાથ નહીં આપે

નવી દિલ્હીઃ ગૃહમંત્રી અમિત શાહે નાગરિક સુધારા અધિનિયમ (CAA) પર ચાલી રહેલા રાજકારણ પર વાત કરી. CAAનો વિરોધ કરી રહેલા બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી અંગે શાહે કહ્યું હતું કે તેઓ શરણાર્થીઓ અને ઘૂસણખોરો વચ્ચેનો તફાવત નથી જાણતાં. ન્યૂઝ એજન્સી ANIને આપેલા ઈન્ટરવ્યૂમાં ગૃહમંત્રીએ કહ્યું, 'હું મમતા બેનર્જીને અપીલ કરું છું કે રાજકારણ કરવા માટે બીજા ઘણા મુદ્દાઓ છે. મહેરબાની કરીને બાંગ્લાદેશથી આવતા બંગાળી હિન્દુઓનો વિરોધ ન કરો. તમે પણ એક બંગાળી છો.

### ટ્રમ્પ જીતશે તો 11 લાખ ભારતીયને નહીં મળે ગ્રીન કાર્ડ




વૉશિંગ્ટનઃ અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઈમિગ્રેશન સૌથી મોટો મુદ્દો રહેશે. રિપબ્લિકન પાર્ટીથી કટ્ટરપંથી જૂથે આ વખતે પ્રોજેક્ટ 2025 નામથી એક બ્લૂ પ્રિન્ટ તૈયાર કરી છે. તેમાં કાયદેસર પ્રવાસીઓને વીઝા અને ગ્રીન કાર્ડ આપવાની દિશામાં અનેક કડક શરતો પ્રસ્તાવિત છે. તેની સૌથી મોટી અસર અમેરિકામાં ગ્રીન કાર્ડની પ્રતિક્ષા કરી રહેલા લગભગ 11 લાખ ભારતીયો પર પડવાની આશંકા છે.રાષ્ટ્રપતિ બાઈડેનની ડેમોક્રેટિક પાર્ટી કાયદેસર ઈમિગ્રેશન પર સરળ શરતો લાગૂ કરવાના પક્ષમાં છે. બાઈડેન સરકારે 2023 દરમિયાન ભારતીયો માટે રેકોર્ડ 10 લાખ વિઝા જારી કર્યા હતા.

# કોંગ્રેસે ચૂંટણી પહેલા 5 યોજનાઓની જાહેરાત કરી

**« ગરીબ મહિલાઓને આર્થિક સહાય**

## ■ સરકારી નોકરીમાં 50 ટકા અધિકારનું વચન આપ્યું

■ નવી દિલ્હી

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસે બુધવારે નારી ન્યાય ગેરંટી યોજનાનું વચન આપ્યું હતું. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ મીડિયા પર આની જાહેરાત કરી હતી. કોંગ્રેસે ગરીબ મહિલાઓને દર વર્ષે એક લાખ રૂપિયાની મદદનું વચન આપ્યું છે. સરકારી નિમણૂંકોમાં મહિલાઓને 50 ટકા અધિકાર આપવામાં આવશે.

**કોંગ્રેસે લોકો માટે આકર્ષક જાહેરાત તો કરી પરંતુ શું લોકો મત આપી કેટલી બેઠકો આપશે!**

### કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું- અમારી ગેરંટી પોકળ વચનો નથી

ખડગેએ કહ્યું કે આ પહેલા અમે ભાગીદારી ન્યાય, ખેડૂત ન્યાય અને યુવા ન્યાય જાહેર કરી છે. તેમણે એમ પણ કહ્યું કે કહેવાની જરૂર નથી કે અમારી ગેરંટી પોકળ વચનો અને ખોટા નિવેદનો નથી. 1926થી લઈને અત્યાર સુધીનો આ અમારો રેકોર્ડ છે, અમારા વિરોધીઓ જન્મ્યા ત્યારથી અમે મેનિફેસ્ટો બનાવી રહ્યા છીએ, અને તે વચનોને પૂરા કરી રહ્યા છીએ.

1 મહાલક્ષ્મી ગેરંટીઃ આ યોજના હેઠળ, ગરીબ પરિવારની દરેક મહિલાને વાર્ષિક 1 લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે.

2 અડધી વસ્તી-સંપૂર્ણ અધિકારઃ આ અંતર્ગત કેન્દ્ર સરકારની નવી નિમણૂકોમાં મહિલાઓને 50 ટકા અધિકારો મળશે.

3 શક્તિનું સન્માનઃ આ યોજના હેઠળ, આંગણવાડી, આશા અને મધ્યાહન ભોજન કાર્યકરોના માસિક પગારમાં કેન્દ્ર સરકારનું યોગદાન બમણું કરવામાં આવશે.

4 અધિકાર મૈત્રીઃ આ અંતર્ગત, મહિલાઓને તેમના અધિકારો વિશે જાગૃત કરવા અને જરૂરી મદદ પૂરી પાડવા માટે દરેક પંચાયતમાં એક પેરા-લીગલ એટલે કે કાનૂની સહાયકને અધિકાર મૈત્રી તરીકે નિયુક્ત કરવામાં આવશે.

5 સાવિત્રીબાઈ ફૂલે છાત્રાલયઃ તમામ જિલ્લા મથકોમાં કામ કરતી મહિલાઓ માટે ઓછામાં ઓછી એક હોસ્ટેલ બનાવવામાં આવશે અને સમગ્ર દેશમાં આ હોસ્ટેલની સંખ્યા બમણી કરવામાં આવશે.